


ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા-બાપ, ભાઈ-બહેન, સગા-સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે? એની કાંઈ ખબર છે? અરે! મારે તો મારા આત્માનું હિત કરી લેવું છે —એમ એને અંદરથી લાગવું જોઈએ. —પૂજ્ય ગુરુદેવ


કહાન સંવત-૬ * (૫૧૬) * આત્મધર્મ * (અંક-૪ વર્ષ-૪૩) * વીર સં. ૨૫૧૨ ઓક્ટોબર, ૧૯૮૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવમાં સંવર જ નથી તેથી સંવરના વિકલ્પ રહિત આત્માનું શુદ્ધભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઈએ.

(શ્રી કુન્દકુન્દ આચાર્ય, બાર ભાવના, ગાથા-૬૫)

૨. ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્માને સદા પરસ્પર ભેદ છે. શરીર ઇન્દ્રિયોથી અર્થાત્ ઇન્દ્રિય જ્ઞાનથી જણાય છે અને આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત-ચૂલિકા, શ્લોક-૪૮)

૩. હે જીવ! અગ્નિથી તપ્તાયમાન લોખંડના મોટા ગોળાની માફક તું ત્યાં સુધી ભયંકર દુઃખરૂપી અગ્નિથી શેકાઈ રહીશ કે જ્યાં સુધી મોક્ષરૂપ પરમ સુખ સમુદ્રમાં તું નિમગ્ન ન થાય!

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૩)

૪. જો કે અત્યારે આ સંહનન (હાડકાનું બંધન) પરીષહો (ક્ષુધા, તૃષા આદિ) સહન કરી શકતું નથી અને આ દુઃષમા નામના પાંચમા કાળે તીવ્ર તપ પણ સંભવિત નથી તોપણ એ કોઈ ખેદની વાત નથી કેમ કે એ અશુભ કર્મોની પીડા છે. અંદર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં મનને સુરક્ષિત કરનાર મને તે કર્મકૃત પીડાથી કંઈ હાનિ નથી.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પરમાર્થવિંશતિ, શ્લોક-૬)

૫. પોતાની ઉપર કોઈ આપત્તિ આવી પડતાં મનુષ્ય જેવી રીતે દુઃખી થાય છે તેવી જ રીતે બીજાની ઉપર આવી પડેલી આપત્તિને પોતાની આપત્તિ સમજીને દુઃખનો અનુભવ કરવો તે દયાળુતા છે.

(શ્રી વાદીભસિંહ આચાર્યસૂરિ, ક્ષત્રચૂડામણિ-લંબ ૪, શ્લોક-૬)

—०—

કહાન સંવત-૬ વર્ષ-૪૩ અંક-૪ [ ૫૧૬ ]

વીર સંવત ૨૫૧૨ A. D. 1986 OCTOBER




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# કેવળજ્ઞાનીની જેમ નિઃશંકપણે ભગવાન આત્માને જાણતો જ્ઞાની

(શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૪૩)

આ શ્રી યોગસાર શાસ્ત્ર છે. તેમાં ૧૦૦ મી ગાથામાં સાચી સામાયિકના સ્વરૂપનું વર્ણન ચાલે છે.

રાગ-દ્વેષ બે ત્યાગીને, ધારે સમતાભાવ,
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૧૦૦.

ભગવાન સર્વજ્ઞદેવ કહે છે કે જે રાગ-દ્વેષનો ત્યાગ કરીને સમભાવને ધારણ કરે છે તેને સાચી સામાયિક હોય છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે એવું જેને ભાન થયું તેને બીજા પ્રાણીઓ પ્રત્યે સમભાવ વર્તે છે. ધર્મીજીવની દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ કરતાં ઉલટી થઈ ગઈ છે. મિથ્યાદૃષ્ટિ પરદ્રવ્ય મને લાભ-નુકશાન કરે છે એમ માનીને તેના પ્રત્યે રાગ-દ્વેષ કરે છે અને જ્ઞાની તો એમ માને છે કે કોઈ પરદ્રવ્ય મને લાભ-નુકશાન કરી શકતા નથી. સૌને પોતાના કર્મ અનુસાર સંયોગ-વિયોગ થાય છે, કોઈ કોઈનો બગાડ સુધાર કરી શકતું નથી. આવી દૃઢ શ્રદ્ધા અને જ્ઞાનને કારણે જ્ઞાનીને પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષની બુદ્ધિ થતી નથી.

પોતાના સ્વભાવને જ્ઞાતા–દૃષ્ટારૂપે કબૂલતો, જાણતો, ઠરતો ધર્મી જીવ બીજા જીવન જીવન-મરણ, સુખ–દુઃખને કોઈ અન્ય જીવ કરે છે એમ માનતો નથી. જગતના દરેક કાર્યો પોત–પોતાના અંતરંગ ઉપાદાનને કારણે થાય છે એમ ધર્મી માને છે.

જેમ સૂર્ય તેના કારણે ઊગે છે અને તેના કારણે આથમે છે તેમાં કોઈને એવો વિકલ્પ નથી આવતો કે આ જલ્દી ઊગે કે જલ્દી આથમી જાય તો સારૂં. તેમ ધર્મી જીવને જગતના દરેક કાર્યો તેના કારણે થાય છે તેમાં હું ફેરફાર કરું એવી બુદ્ધિ થતી નથી. દરેક પદાર્થ તેના ક્રમે પરિણમતા પોતાની અવસ્થાના કાર્યને કરે છે, તેમાં અનુકૂળ નિમિત્ત જે હોય તે હોય જ છે એમ જાણતાં જ્ઞાનીને બીજાના કાર્ય મેં કરી દીધાં એવો અહંકાર થતો નથી અને બીજા મારા કાર્ય કરી દે એવી અપેક્ષા રહેતી નથી.

જગતનું કયું દ્રવ્ય નકામું છે? એટલે કે કયું દ્રવ્ય પર્યાય વિનાનું છે? કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું નથી. પર્યાય એટલે દ્રવ્યનું કાર્ય અને દ્રવ્ય તેનું કારણ. કાર્ય વિનાનું કારણ ન હોય અને કારણ વિનાનું કાર્ય ન હોય. આવું જાણતાં જ્ઞાનીને પરદ્રવ્ય પ્રત્યે વિષમતા ઉત્પન્ન થતી નથી. સમભાવ રહે છે. ગૃહસ્થાશ્રમમાં પણ જ્ઞાનીને શ્રદ્ધા-જ્ઞાનમાં આવો સમભાવ રહે છે અને ચારિત્રની નબળાઈ વશ અલ્પ રાગ-દ્વેષ થાય તેને જ્ઞાની પોતાના સ્વભાવમાં ખતવતા નથી.

યોગીન્દ્રદેવ સમયસારનાં બંધ-અધિકારના ૧૭૬ કળશનો આધાર આપે છે. સમ્યગ્જ્ઞાની પોતે પોતાને અને બધાં પરદ્રવ્યના સ્વભાવને જેમ છે તેમ જાણે છે અને તેની પર્યાયમાં થતાં કાર્યને પણ વ્યવહાર તરીકે જાણે છે. દ્રવ્ય તે નિશ્ચય છે અને પર્યાય તે વ્યવહાર છે. દ્રવ્ય વગરની પર્યાય ન હોય—નિશ્ચય વગરનો વ્યવહાર ન હોય. આવું જાણતાં જ્ઞાની પોતાની પર્યાયમાં થતાં રાગને પોતાના સ્વભાવમાં ખતવતા નથી.

કોઈ લાકડી મારે અને પોતે ક્ષમા રાખે તો સમભાવ કહેવાય એમ નથી. હું જ્ઞાનસ્વભાવી છું અને પર્યાયમાં વિષમભાવ થાય છે તે મારો સ્વભાવ નથી એમ બે વચ્ચે ભેદજ્ઞાન કરવું તે સમભાવ છે. આ અપેક્ષાએ જ્ઞાની રાગ-દ્વેષ કરતાં નથી એમ કહેવાય છે. ચારિત્રની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે તેની અહીં ગૌણતા છે.

હવે છેદોપસ્થાપનની વાત કરે છે.

> હિંસાદિકના ત્યાગથી, આત્મસ્થિતિકર જેહ,
> તે બીજું ચારિત્ર છે, પંચમ ગતિકર તેહ. ૧૦૧.

જે કોઈ જીવ હિંસા આદિ પાપના પરિણામના અભાવસ્વભાવસ્વરૂપ આત્મામાં સ્થિરતા કરે છે તેને બીજું ચારિત્ર છે જે પંચમગતિનું કારણ છે. વિકારનો છેદ કરી આત્માને આત્મામાં સ્થાપવો તેને છેદોપસ્થાપના નામનું બીજુ ચારિત્ર કહેવાય છે

એમ યોગીન્દ્રદેવ કહે છે. આમ તો, સામાયિકમાં બેઠા હોય અને તેમાં કોઈ વિકલ્પ આવી જાય, દોષ લાગે તેને છેદીને ફરી આત્મામાં સ્થિર થાય તેને છેદોપસ્થાપના કહેવાય છે. પણ અહીં તો યોગીન્દ્રદેવે અધ્યાત્મથી છેદોપસ્થાપનાનું સ્વરૂપ લીધું છે.

મોક્ષનું સાક્ષાત્ કારણ તો સ્વરૂપમાં લીનતારૂપ ચારિત્ર છે તેથી ધર્મનું મૂળ ચારિત્ર કહ્યું છે પણ તે ચારિત્ર દર્શન-જ્ઞાન વિના હોતું નથી.

સ્થિર-બિંબ ભગવાન આત્મામાં સ્થિરતાનો અભ્યાસ થતાં પછી કાયમી સ્થિરતા -ધ્રુવદશા-પંચમગતિ પ્રગટ થઈ જાય છે. પંચાસ્તિકાયમાં કેવળજ્ઞાનને પણ એક નયે કૂટસ્થ કહ્યું છે તેમ મોક્ષમાં એકધારી સ્થિરતા હોવાથી તેને પણ ધ્રુવ કહ્યો છે. સ્થિરતા પલટે છે પણ એકધારી એવી ને એવી થતી રહે છે માટે તેને ધ્રુવ કહી છે.

મિથ્યા-વાદિક પરિહરણ, સમ્યગ્દર્શન શુદ્ધિ,
તે પરિહાર વિશુદ્ધિ છે, શીઘ્ર લહો શિવસિદ્ધિ. ૧૦૨.

અહીં મુનિરાજે અધ્યાત્મથી પરિહારવિશુદ્ધિની વ્યાખ્યા કરી છે કે જેણે મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિનો પરિહાર કરીને સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રગટ કરી છે તેને પરિહારવિશુદ્ધિ છે.

અનાદિથી જે સ્વભાવનો અનાદર કરતો હતો અને પુણ્ય-પાપ આદિનો જ એકાન્તે આદર કરતો હતો તેને છોડીને હવે જે પરમાનંદ સ્વરૂપ નિજ આત્મસ્વભાવનો આદર-સત્કાર કરે છે એટલે કે સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રગટ કરે છે તેને પરિહારવિશુદ્ધિ છે.

અષ્ટપાહુડમાં સમ્યગ્દર્શન ઉપર જોર દેતો એક શ્લોક આવે છે કે 'સમકિતમાં પરિણત થયેલો આઠ કર્મ નાશ કરે છે.' સ્વરૂપની જે પૂરણ....પૂરણ શ્રદ્ધા થઈ છે તેના વલણમાં તેનું ને તેનું પરિણમન ચાલતાં આઠેય કર્મોનો નાશ થઈ જાય છે.

તેમ અહીં કહે છે કે ભગવાન પરમાનંદ સ્વરૂપમાં—અનંત ગુણના ગોદામમાં થાપ મારીને જ્યાં સ્વરૂપનો આદર પ્રગટ કરે છે ત્યાં બીજા સર્વ ભાવોનો પરિહાર થઈ જાય છે. મિથ્યાત્વના પરિહાર ઉપરાંત રાગ-દ્વેષનો પણ જ્યાં પરિહાર થયો એટલે કે ત્યાગ થયો-અભાવ થયો અને સ્વરૂપની પ્રતીતિ-જ્ઞાન અને સ્થિરતા પ્રગટ થઈ તેને અહીં 'પરિહારવિશુદ્ધિ' નામનું ચારિત્ર કહ્યું છે. અહીં પણ સમ્યગ્દર્શન ઉપર વધારે જોર આપ્યું છે. કેમ કે સમ્યગ્દર્શન વિના ધર્મમાં એક ડગલું પણ આગળ ચાલી શકાતું નથી.

જેને દૃષ્ટિમાં નિજ પરમાત્મસ્વરૂપનો ભેટો થયો તેને ખરેખર શ્રદ્ધા-જ્ઞાનમાં પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે.

દિગંબર આચાર્યોએ ભિન્ન ભિન્ન ગ્રંથમાં ભિન્ન ભિન્ન વિધિએ આત્માને ગાયો છે. અહીં અધ્યાત્મથી 'પરિહારવિશુદ્ધિ'નો શબ્દાર્થ કર્યો છે. ખરેખર પરિહારવિશુદ્ધિ

તો મુનિને હોય છે પણ અહીં સમ્યગ્દર્શનની શુદ્ધિ અને મિથ્યાત્વાદિના પરિહારને 'પરિહારવિશુદ્ધિ' કહી દીધી છે.

સમ્યગ્જ્ઞાનીને પરિહાર વિશુદ્ધિ એ રીતે છે કે તેને સ્વભાવના આદરમાં બહારના કોઈ પદાર્થની વિસ્મયતા લાગતી નથી. પદાર્થની યથાર્થ સ્થિતિના જ્ઞાનને લીધે તેને કોઈ પદાર્થમાં વિસ્મયતા કે ખેદ થતો નથી, તેથી તે છએ દ્રવ્યના મૂળ ગુણ અને પર્યાયના સ્વરૂપને કેવળજ્ઞાનીની જેમ શંકા રહિત યથાર્થ જાણે છે. જ્ઞાનીને શ્રુતજ્ઞાન છે તેથી પરોક્ષ જ્ઞાન છે પણ પરોક્ષ રીતે, કેવળજ્ઞાની જેટલું અને જેવું જાણે છે તેટલું અને તેવું જ જ્ઞાની જાણે છે પણ ક્યાંય વિસ્મયતા લાગતી નથી.

આહાહાહા! આત્માના એક જ્ઞાન ગુણની એક પર્યાયની કેટલી તાકાત છે કે એક સમયમાં દરેક દ્રવ્યને તેના અનંત ગુણ પર્યાય સહિત જાણી લે છે. એક શ્રદ્ધાની પર્યાય એવી છે કે તે બધાંની શ્રદ્ધા કરી લે છે. આવી તો એક પર્યાયની તાકાત છે તો આત્માની કેટલી તાકાત? આવા આત્માને જે જાણે તેણે ખરેખર આત્માને જાણ્યો કહેવાય. જ્ઞાની આવા ભગવાન આત્માને કેવળજ્ઞાનીની જેમ નિઃશંકપણે જાણે છે.

આવા દૃઢ જ્ઞાન અને વૈરાગ્યધારી સમ્યગ્દૃષ્ટિ જોકે પૂર્વકર્મના ઉદયથી ગૃહસ્થાશ્રમમાં દરેક કાર્ય કરતાં દેખાય છે તોપણ તે કાર્યોને તે આસક્તિભાવથી કરતાં નથી. રાગને રોગ જાણે છે, મારા પુરુષાર્થની ગતિ એટલી વિપરીત છે માટે રાગ થાય છે એમ જાણે છે. રાગ એ મારા સ્વભાવની જાત નથી. તેમ કર્મ પણ રાગ કરાવતું નથી. મારા જ પુરુષાર્થની ખામીથી રાગ થાય છે એમ જાણે છે.

જ્ઞાની જાણે છે કે આ મને સત્‌નું સ્થાપન કરવાનો—નયથી મુખ્ય-ગૌણ કરવાનો વિકલ્પ ઉઠે છે તે પણ રાગ છે-પ્રશસ્ત કષાયનો અંશ છે. વીતરાગ અમૃતરસમાં એ અંશ પણ મને પાલવતો નથી. આંખમાં કદાચ કણું સમાય પણ મારા વીતરાગરસમાં આ રાગ પોષાતો નથી-સમાતો નથી.

આમ, જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં-ગૃહસ્થાશ્રમના કાર્યો કરતાં હોવાં છતાં તેમાં એકાકાર થતાં નથી. લીન થતાં નથી. ચારિત્રની કમજોરીથી થતાં રાગને-વિષમભાવને પોતાના સમસ્વભાવથી વિરુદ્ધ હોવાથી રોગ જાણે છે.

સમ્યગ્દર્શનની શુદ્ધતા એ જ મોક્ષ ઉપાયનું મૂળ છે. સમ્યગ્દર્શનમાં સમસ્વભાવી ભગવાન આત્માની સમ્યક્ પ્રતીતિનું જોર એટલું છે કે તે જ વીતરાગ યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન અને મોક્ષનું કારણ બને છે.

આનંદઘનજી એક સ્તુતિમાં લખે છે કે "ગગનમંડળમાં ગૌઆ વિયાણી, વસુધા દૂધ જમાયા, માખણ થા સો વીરલા પાયા, છાશે જગત ભરમાયા." કહે છે માખણ તો વિરલા જ્ઞાની ખાઈ ગયા અને જગત આખું તો છાશમાં ભરમાણું છે. આ સ્તુતિ

ઉપરથી શેઠિયાએ એક લીટી લખી છે, 'આતમ ગગનમેં જ્ઞાન હી ગંગા, જામે અમૃત વાસા, સમ્યગ્દૃષ્ટિ ભર ભર પીવે મિથ્યાદૃષ્ટિ જાય પ્યાસા....'

આવા સમસ્વરૂપમાં લીન જ્ઞાનીને ક્યારેક પરપદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટપણાનો રાગ આવી જાય છે તેનો પરિહાર કરીને તે ફરી સ્વરૂપમાં લીન થાય છે તેનું નામ પરિહાર વિશુદ્ધિ છે.

અહીં અમૃતચંદ્ર આચાર્યકૃત તત્ત્વાર્થસારનો દાખલો આપ્યો છે. 'જ્યાં પ્રાણીઓના ઘાતનો વિશેષપણે ત્યાગ હોય અને ચારિત્રની વિશુદ્ધિ હોય તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે.

હવે યથાખ્યાતચારિત્રની વ્યાખ્યા આપે છે.

સૂક્ષ્મ લોભના નાશથી, જે સૂક્ષ્મ પરિણામ,
જાણો સૂક્ષ્મ-ચરિત્ર તે, જે શાશ્વત સુખધામ. ૧૦૩.

યથાખ્યાતચારિત્ર એટલે પૂર્ણ ચારિત્ર અર્થાત્ ઉત્કૃષ્ટ ચારિત્ર. યથાખ્યાત એટલે અંતરસ્વભાવમાં જેવું અકષાય-અવિકારી, વીતરાગ સમભાવસ્વરૂપ ચારિત્ર પ્રસિદ્ધ છે તેવું જ પર્યાયમાં યથાર્થ પ્રસિદ્ધ થવું તેને યથાખ્યાત નામનું વીતરાગ ચારિત્ર કહેવાય છે અને તે ચારિત્ર જ અવિનાશી સુખનું સ્થાન છે.

દશમા ગુણસ્થાને જે સૂક્ષ્મ લોભ છે તેનો પણ નાશ થઈને જે સૂક્ષ્મ વીતરાગી પરિણામ ઉત્પન્ન થાય છે તેને સૂક્ષ્મ ચારિત્ર કહે છે. તે જ યથાખ્યાતચારિત્ર છે, તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે.

ચારિત્રની શરૂઆત થયા પછી શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેના આ બધાં સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, યથાખ્યાતચારિત્ર આદિ પ્રકાર છે. સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિ થાય છે એવી આ વાત બીજે ક્યાંય ન હોઈ શકે.

આ તો બધી આત્મારામને ભેટવાની વાતો છે. નિજપદ રમે સો 'રામ' કહીએ, કર્મ કસે તેને કૃષ્ણ કહીએ. અહીં કહે છે કે ભગવાન આત્મા પોતાના આત્મબાગમાં રમે તેને યથાખ્યાતચારિત્ર હોય છે. આ ચારિત્ર જ તેને અવિનાશી સુખનું સાક્ષાત્ કારણ છે.

ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિ અને ચાર અનંતાનુબંધીની પ્રકૃતિનો નાશ થઈને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થઈ જાય છે. તે ચારિત્રની પૂર્ણતા તો યથાખ્યાતચારિત્રથી થાય છે પણ ચોથામાં તેના અંશરૂપ કણિકા ન જાગે તો તો આગળ જ ન વધી શકે.

અરે ! આ તો તત્ત્વના નિર્ણયનો વિષય છે, તેમાં સમભાવે શાંતિથી વીતરાગી ચર્ચા કરીને નિર્ણય કરવો જોઈએ. તેમાં એક-બીજાને ખોટાં પાડવાની વાત ન હોય ભાઈ! કોઈની ભૂલ હોય તોપણ તેને બીજી રીતે સમજાવીને કહેવું જોઈએ. તેને દ્વેષી કલ્પીને કે વિરોધી કલ્પીને કહેવું એ કાંઈ સજ્જનતાની રીત છે! આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! તેમાં તો શાંતિથી, ન્યાયથી જેમ હોય તેમ નિર્ણય કરવો જોઈએ અને જે સત્ય નીકળે તેને કબૂલવું જોઈએ. આમાં કોઈ પક્ષની વાત નથી.

ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર હોય એ વાત તો ટોડરમલજી, ગોપાલદાસજી બરૈયા, રાજમલજી વગેરે બધાનાં શાસ્ત્રોમાં આવે છે અને કદાચ સીધા શબ્દોમાં ન નીકળે તોપણ ન્યાયથી તો સમજવું જોઈએ ને ભાઈ! 'સર્વ ગુણાંશ તે સમ્યકત્વ' કહેતાં તેમાં ચારિત્રનો અંશ આવી જ જાય છે.

મિથ્યાદૃષ્ટિને પોતાના જ્ઞાયકપણાનું ભાન ન હતું તેથી શરીરાદિ અને રાગ-દ્વેષાદિ ભાવોમાં પોતાપણાની શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા હતા. હવે જ્યાં શ્રદ્ધાએ ગુલાંટ ખાધી-નિજ પરમાત્માનું અવલોકન થયું તો તે પોતામાં ઠર્યા વિના શી રીતે થાય? એ ઠરે છે એનું જ નામ ભગવાન સ્વરૂપાચરણચારિત્ર કહે છે. અનંતાનુબંધીનાં ક્રોધ, માન, માયા, લોભ—આદિ ચાર કષાયનો નાશ થયો તો કાંઈક ચારિત્ર તો પ્રગટ થાય કે નહિ? ભલે એ દેશચારિત્ર કે સકલચારિત્ર નથી પણ સ્વરૂપાચરણરૂપ ચારિત્ર છે. સ્વભાવના સ્વાદ વગર શ્રદ્ધા ક્યાંથી થાય? એ સ્વભાવનો સ્વાદ તે સ્વરૂપાચરણચારિત્ર છે, એથી આગળ વધીને ચારિત્ર પૂર્ણ થાય તેને યથાખ્યાતચારિત્ર કહે છે અને તેરમાં ગુણસ્થાને ચારિત્રની સાથે અનંત આનંદ પ્રગટ થાય ત્યારે પરમ યથાખ્યાતચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. [ક્રમશઃ]

—o—

### * પહેલાં પાકો નિર્ણય તો કર ! *

વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય તો કરે કે રાગથી નહિ, નિમિત્તથી નહિ, ખંડખંડ જ્ઞાનથી નહિ, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજુ બાકી છે...વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહિ એમ તો પહેલાં દૃઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યકરૂપે થાય છે. —પૂજ્ય ગુરુદેવ

# 卐 નિજ ઉપકારમાં લાગી જા 卐

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૫ )

આ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. તેની ૩૦મી ગાથા ચાલે છે.

મોહે ભોગવી પુદ્ગલો, કર્યો સર્વનો ત્યાગ,
મુજ જ્ઞાનીને ક્યાં હવે, એ એંઠોમાં રાગ? ૩૦.

ધર્મી જીવ પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ આત્માની પ્રતીતિ-જ્ઞાન અને અનુભવને કારણે હવે તે પરપદાર્થના ભોગવટામાં રુચિ કરતાં નથી. ધર્મી એમ વિચારે છે કે અનંતકાળમાં ભોગ તો મેં અનંતવાર ભોગવ્યાં. અજ્ઞાનદશામાં મારી ચીજને ભૂલીને મેં દાળ-ભાત-લાડુ આદિ તથા સ્ત્રી આદિના ભોગ ભોગવ્યાં અને છોડયાં પણ હવે નિજ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનું ભાન થતાં અનંતકાળમાં ભોગવીને છોડેલા ઉચ્છિષ્ટ ભોગોમાં હવે મને રુચિ નથી.

હવે અહીં ૩૧મી ગાથાના મથાળામાં શિષ્ય પ્રશ્ન કરે છે કે જીવ દ્વારા પુદ્ગલ કર્મ કેમ અને કેવી રીતે બંધાય જાય છે? તેનો ઉત્તર પૂજ્યપાદસ્વામી ૩૧મી ગાથામાં આપે છે.

કર્મ કર્મનું હિત ચહે, જીવ જીવનો સ્વાર્થ,
સ્વ પ્રભાવથી વૃદ્ધિમાં, કોણ ન ચાહે સ્વાર્થ? ૩૧.

'કર્મ કર્મનું હિત ચહે છે' એટલે અજ્ઞાની જીવ કર્મના ઉદયને વશ થઈને પોતાના શુદ્ધ, પૂર્ણ સ્વરૂપની સાવધાની-આદર છોડીને કર્મના નિમિત્તનો આદર-સત્કાર કરે છે અને તેમાં રાગ-દ્વેષ કરે છે. તેને ખરેખર અજ્ઞાની કર્મનો ઉપકાર કરે છે એમ કહેવાય છે. કેમ કે અજ્ઞાનીના રાગ-દ્વેષથી કર્મ બંધાય છે. તેથી કર્મનું હિત થાય છે. કર્મ તો જડ છે તે શું હિત ચાહે! પણ ભાષા એવી મૂકી છે કે કર્મનો જે આદર કરે છે તેને કર્મ બંધાય છે અને કર્મની વૃદ્ધિ થાય છે તો કર્મનું તેમાં હિત થાય છે.

ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદ નિર્વાણનાથ પરમાત્મા છે. તેને પ્રભુ! તું દૂર ન દેખ! તારી સમીપ જ છે. પોતાના પરમેશ્વરની ઇશ્વરતા ન જોતાં જે પરમાં ઇશ્વરતા માને છે તે તો કર્મનું હિત કરે છે અને પોતાનું અહિત કરે છે.

હું કોણ છું, કયાંથી થયો છું, મારુ સ્વરૂપ શું છે એમ પોતાના અસ્તિત્વનું જેને ભાન નથી તે પરમાં કયાંક તો પોતાનું અસ્તિત્વ માને જ છે. કર્મમાં નિમિત્તના સંગે જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ થાય તે જ મારાં છે એમ માનીને અજ્ઞાની પોતાનું હિત છોડીને કર્મનું હિત કરે છે એટલે કે કર્મ બાંધે છે. અજ્ઞાનીને કર્મના ઉદયે મળતાં સંયોગોમાં મોહ છે તેથી નવા કર્મ બાંધે છે તેથી તે કર્મનો ઉપકાર કરે છે એમ કહેવાય છે.

ચૈતન્ય પરમેશ્વરનો સ્વભાવ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' છે, તે સ્વરૂપનો સત્કાર, આશ્રય, અવલંબન, સાવધાની છોડી કર્મના ઉદયમાં સત્કાર, આશ્રય, અવલંબન, સાવધાની કરે છે તે અજ્ઞાની કર્મનું હિત કરે છે અને જ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આદર-સત્કાર, અવલંબન કરીને પોતાનું હિત કરે છે.

ભગવાન આત્મા અજ્ઞાનવશ રાગ-દ્વેષ કરે છે તેનું નિમિત્ત પામીને કર્મના પુદ્‌ગલ સ્વયં પોતાની મેળે આવીને બંધાય જાય છે અને જૂના કર્મના ઉદયના નિમિત્તે જીવ સ્વયં વિકારી ભાવરૂપે પરિણમે છે. આમ, આત્માના મોહ અને વિકારનું નિમિત્ત પામીને પૌદ્‌ગલિક કર્મ એની મેળે બંધાય જાય છે અને પૌદ્‌ગલિક કર્મનું નિમિત્ત પામીને આત્મા પોતાના શુદ્ધસ્વરૂપને છોડીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પરિણમીને પુણ્યમાં મીઠાશ, ભોગમાં સુખ, સ્ત્રીમાં મજા અને આબરૂમાં ઠીક છે એવી મિથ્યાભ્રમણા કરે છે. તે જીવના કરેલા જીવના ભાવ છે એટલે કે ચેતનાત્મક પરિણામ છે, તેમાં પૂર્વે કરેલાં કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.

અહીં ઉદાહરણ આપીને કહે છે કે જેનો પ્રભાવ વધી જાય તે બીજા ઉપર પોતાનો પ્રભાવ પાડીને શું કામ પોતાનો સ્વાર્થ ન સાધે? સાધે જ. તેમ કર્મનો પ્રભાવ વધતાં કર્મ પોતાનું હિત કરે છે અને આત્માનો પ્રભાવ વધતાં આત્મા પોતાનું હિત કરે છે.

અજ્ઞાની જીવ મોહ અને અવિદ્યાના વશે પરનો ઉપકાર કર્યા કરે છે. શરીરનો ઉપકાર કરે, સ્ત્રી, પુત્ર, પરિવારનો ઉપકાર, દેશનો ઉપકાર કરે પણ તેમાં પોતાનો અપકાર થાય છે તે અજ્ઞાની જોતો નથી. તેથી અહીં કહ્યું કે કર્મ કર્મનું હિત કરે છે. કર્મ તો ખરેખર જડ છે તે પોતાનું હિત ન ચહે પણ અજ્ઞાની કર્મના વશ થઈને કર્મનું હિત કરે છે.

જે પોતાના સ્વભાવની સાવધાની કરતો નથી તેને પરમાં સાવધાની થયાં વગર રહેતી નથી. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આત્માને છોડીને પુણ્ય અને રાગમાં પોતાનું હિત માનીને તેમાં સાવધાની કરે છે અને પુણ્યથી મળેલાં સંયોગોથી પોતાને લાભ માને છે અને પાપથી મળેલાં સંયોગોથી પોતાને પ્રતિકૂળતા માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

બહારની પ્રતિકૂળતાથી જીવનું અહિત થતું હોય તો તો નરકમાં અનંતી પ્રતિકૂળતા વચ્ચે જીવનું હિત કયાંથી થાય? સમ્યગ્દર્શન કયાંથી થાય? સાતમી નરકની વેદના તો એવી છે કે કેવળી જાણે ને તે નારકી પોતે ભોગવે. જુવાન રાજકુમાર હોય, ખૂનખાર લડાઈ લડતો હોય અને મારું રાજ્ય ગમે તેમ કરીને પણ મેળવું એવા અભિમાનમાં લડતો-લડતો મરીને સાતમી નરકમાં જાય. ત્યાં ઘોર વેદનાની વચ્ચે પણ એમ વિચાર આવે કે અરે! આ વેદના! આનાથી કાંઈ છૂટકારો ખરો કે નહિ? એમ વિચાર કરતાં કરતાં એકદમ શરીર અને રાગથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ કરી લે છે. તેમાં તેને બહારની પ્રતિકૂળતા નડતી નથી.

અહીં એક રાત પીડા થાય ત્યાં તો રાત બહુ લાંબી લાગે. પીડા સહન ન થાય. તો નરકમાં તો તેના કરતાં પણ અનંતગણી પીડા છે. તેની વચ્ચે પણ ભેદજ્ઞાન થઈ શકે છે. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા આત્માને શું કરી શકે?

પોતાની પરમેશ્વરતાનો સ્વીકાર ન કરતાં પરમાં અધિકાઈ માની છે તેથી જ જીવને દુઃખ વેઠવા પડે છે. આ જીવ અનંતવાર ત્યાગી થયો, મુનિ થયો પણ 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' આત્માના ભાન વિના એક અંશમાત્ર પણ આનંદ બહારમાં નથી અને આત્માનું ભાન કરે તો સાતમી નરકની પીડા વચ્ચે પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી લે છે. દૌલતરામજી રચિત પદ્યમાં આવે છે ને! 'બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી' અને મિથ્યાદૃષ્ટિ કરોડપતિ હોય, આબરૂદાર હોય પણ અંદરમાં હોળી સળગતી હોય માટે કહે છે કે ભાઈ! સંયોગ સુખદુઃખનું કારણ નથી.

અહીં કહે છે કયારેક જીવ બળવાન હોય છે અને કયારેક કર્મ બળવાન હોય છે. તેનો અર્થ એવો છે કે કયારેક જીવ પોતાની શક્તિનું બહુમાન છોડી કર્મના ઉદયે થયેલાં પુણ્ય-પાપ ભાવને બહુમાન આપે છે તેમાં ખરેખર કર્મનું બહુમાન થાય છે તેથી કર્મ બળવાન છે એમ કહેવાય અને કયારેક જીવ પોતાના પુરુષાર્થથી રણકાર મારતો સ્વભાવની જાગૃતિ કરી કેવળજ્ઞાન લેવાની તૈયારી કરે તે જીવનું બળવાનપણું છે. તેમાં આત્માનું હિત થાય છે.

અજ્ઞાની જીવે પરની સાથે અને કર્મ સાથે મિત્રતા કરી છે, તેથી તેનો સંયોગ થતાં આનંદ માને છે, કર્મના ઉદયે થતાં શુભાશુભભાવમાં પણ આનંદ માને છે તેથી અજ્ઞાની જીવે ખરેખર પોતાનું અહિત કરીને કર્મનું હિત કર્યું છે, કર્મની પુષ્ટિ કરી છે.

જેમ દોસ્તાર ભેગા થઈને રમતાં હોય તેમાં ઝગડો પડે ને ૧૦ વર્ષનો છોકરો ૧૨ વર્ષના છોકરાને મારી જાય અને છોકરો પોતાની મા ને ફરિયાદ કરે તો મા શું કહે છે?—કે એલા ઢગા! તું મોટો અને ઓલો નાનો તને મારી ગયો એવી ફરિયાદ

કરતાં તને શરમ નથી આવતી? તેમ આ અજ્ઞાની ફરિયાદ કરે છે કે અરે! કર્મે મને મારી નાખ્યો. તેને ભગવાન કહે છે અરે! મૂરખ! ઢગા! તું ભગવાન આત્મા મહા બળવાન અને કર્મ તને હેરાન કરે!

આમ જીવ અને કર્મનું વેર અનાદિથી ચાલ્યું આવે છે. પરની અને વિકારની મહિમા કરે છે તે અજ્ઞાની જ ખરેખર કર્મનું હિત કરે છે. પોતાના સ્વરૂપમાં જોડાણ ન કરતાં કર્મના ઉદયમાં જોડાણ કરીને કર્મને બળવાન બનાવે છે એટલે કે નવા કર્મ બાંધે છે. આમ કર્મની પરંપરા ચાલે છે.

'જીવ પોતાની ભૂલથી પોતે વિકાર કરે છે.' જો પરથી કે કર્મથી વિકાર થતો હોય તો તો તે કર્મ ખસે તો વિકાર ખસે. પણ જીવની પોતાની ભૂલથી વિકાર થાય છે તેથી પોતે ભૂલ ટાળે તો વિકાર ટળી જાય છે. વિકાર થવામાં કર્મનો ઉદય તો નિમિત્ત માત્ર છે. તેમ કર્મ બંધાવામાં જીવના વિકારીભાવ નિમિત્ત માત્ર છે. કર્મ તો આપોઆપ પોતાથી જ બંધાય જાય છે. કર્મબંધન આત્મા કરતો નથી. આ વસ્તુની સ્થિતિ છે.

જીવ પોતાના શુદ્ધસ્વરૂપને ભૂલી જાય છે તે જ ખરેખર ભાવબંધન છે અને તે ભાવબંધનના નિમિત્તે દ્રવ્યબંધન થાય છે. જીવની બે અવસ્થા છે. એક તો સ્વભાવને આધીન અવસ્થા અને બીજી વિકારને આધીન અવસ્થા છે. વિકારને આધીન અવસ્થાથી કર્મનો ઉપકાર થાય છે અને સ્વભાવ આધીન અવસ્થાથી જીવનો પોતાનો ઉપકાર થાય છે.

જીવ સ્વયં પુરુષાર્થહીન-નપુંસક બનીને પરનું માહાત્મ્ય કરે છે. શાસ્ત્રમાં આવે છે કે ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન છોડીને એકલા શુભભાવની રચના કરે છે અને તેમાં જ મહિમા માને છે તે જીવનું વીર્ય સ્વભાવની રચના કરવા માટે નપુંસક થયું છે. વીર્યગુણનું મૂળ કાર્ય તો સ્વરૂપની રચના કરવી તે છે, 'સ્વરૂપરચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.' સ્વભાવના આશ્રયે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર-સુખ-શાંતિ પ્રગટ કરવા તે વીર્યનું કાર્ય છે. તેને બદલે શુભાશુભભાવની રચના કરે તે વીર્ય જ નથી, નપુંસકતા છે.

અહો! મુનિરાજ તો 'નાગા બાદશાહથી આઘા' છે. તેને કાંઈ કોઈ પાસેથી ચંદો-ફાળો ભેગો કરવો નથી કે સાચી વાત કહેતાં અચકાય.

પોતાના સ્વભાવને રચે તે આત્મવીર્ય અને વિકારની રચના કરે તે કર્મવીર્ય છે. અજ્ઞાની વિકારની રચના કરીને કર્મનું હિત કરે છે. તેથી ચારગતિમાં રખડે છે.

કર્મના હિતની વાત કરી, હવે મુનિરાજ આત્માનું હિત કેવી રીતે થાય તેની વિધિ બતાવે છે. કહે છે કે 'કાળલબ્ધિથી બળવાન થયેલો જીવ પોતાનું હિત કરે છે.' તેમાં કાળલબ્ધિ એટલે પુરુષાર્થની જાગૃતિનો કાળ, અને કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય કે જેને પોતાના દ્રવ્યનું જ્ઞાન હોય તેને પોતાની કાલલબ્ધિ-પર્યાયનું જ્ઞાન હોય. જે પર્યાય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્યનું જ્ઞાન કરે છે તેને જ પર્યાયનું જ્ઞાન થાય છે.

જેમ સાત તત્ત્વની શ્રદ્ધા—'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્'માં મોક્ષની શ્રદ્ધા, સર્વજ્ઞની શ્રદ્ધા, પર્યાયની શ્રદ્ધા એ બધી શ્રદ્ધા ક્યારે થાય કે જ્યારે જ્ઞાયક ભગવાન શુદ્ધ પૂર્ણ આત્મામાં દૃષ્ટિ દેતાં જે જ્ઞાન પ્રગટ થાય છે તેની વર્તમાન પર્યાયમાં મોક્ષ, સર્વજ્ઞ આદિ બધી પર્યાયનું જ્ઞાન થાય છે. કારણ કે પોતાના દ્રવ્યનું જ્ઞાન થયાં વિના પર્યાયનું જ્ઞાન થતું નથી અને પર્યાયના જ્ઞાન વિના આસ્રવ-બંધ આદિનું પણ જ્ઞાન થતું નથી.

આમ, ગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને, પોતાની કાળલબ્ધિ પાકતાં પુરુષાર્થથી પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે છે. તેમાં પોતાનું બળ છે. જે રાગ-દ્વેષ, નિમિત્તથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ અધિક–ભિન્ન પોતાના સ્વભાવને જાણે છે તેને સ્વભાવનું બળ પ્રગટ થયું છે અને કર્મનું બળ નાશ પામ્યું છે.

જે પોતાનું હિત કરવા માગે છે તે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષને ચાહે છે. જેવું પોતાનું સ્વરૂપ છે તેવું પર્યાયમાં પ્રગટ થાય તેનું જ નામ મોક્ષ છે, તેમાં જ પોતાનું પરમહિત છે.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.'

શ્રીમદ્ નાની ઉંમરમાં આ બધું લખી ગયા છે. પોતાના નિર્મળ આનંદની દશા જે માર્ગે પમાય તે મોક્ષપંથ છે, બીજો કોઈ મોક્ષપંથ નથી.

બુદ્ધિવાળા જીવો આમાં ધ્યાન આપે તો પોતાનું હિત કરી શકે તેમ છે. જેની બુદ્ધિ આત્માને દુઃખસમુદ્રથી તારે તે બુદ્ધિશાળી છે. આત્માને બૂડાડે તે બુદ્ધિ બુદ્ધિ જ નથી.

અહીં કહે છે કે પોતપોતાના માહાત્મ્ય–પ્રભાવના વધવાથી કોણ પોતાનો સ્વાર્થ ન સાધે?—કોણ પોતાનું હિત ન ચાહે? જીવ કર્મને માહાત્મ્ય આપીને તેનો ઉપકાર કરે છે તો કર્મ પોતાનું હિત કેમ ન ચાહે? એટલે કે જીવ પોતાના સ્વભાવને ચૂકીને કર્મના ઉદયમાં જોડાય છે તો તેનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે અને જો જીવ પોતાના સ્વભાવની મહિમા કરે તો પોતાનું હિત થાય છે અર્થાત્ મોક્ષ મળે છે.

તો હવે કહે છે કે તું પરનો ઉપકાર છોડીને તારો ઉપકાર કરવામાં લાગી જા!

દૃશ્યમાન દેહાદિનો, મૂઢ કરે ઉપકાર,
ત્યાગી પર ઉપકારને, કર નિજનો ઉપકાર. ૩૨.

પરનો ઉપકાર છોડ અને તારો ઉપકાર કર! અર્થાત્ તારી અધિકાઈ કર અને શુભાશુભ રાગ અને સંયોગ ઠીક છે તો મને ઠીક છે એવી પરની અધિકાઈ છોડી દે! સાચી વસ્તુસ્થિતિને જાણીને તું તારા હિતમાં લાગી જા!

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૮ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્માના ભાનપૂર્વક ધર્મી જીવ બાર ભાવના ભાવે છે તેનું આ વર્ણન છે. છ પદાર્થસ્વરૂપ લોક છે, તે જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. લોકમાં રહેલા પદાર્થોનું આ વર્ણન છે. જીવ પણ લોકમાં રહેલો છે. જીવ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. તેનું ભાન કરીને તેમાં એકાગ્રતાની ભાવના ધર્મી જીવ ભાવે છે. આ વૈરાગ્ય ભાવનાઓ ભવ્ય જીવોને આનંદજનની છે. આત્મવસ્તુની દૃષ્ટિપૂર્વક આ ભાવના ભાવતાં રાગ ઘટતો જાય છે ને અરાગી ભાવ વધતો જાય છે, એનું નામ સંવર છે, વચ્ચે શુભરાગ હોય તે કાંઈ સંવર નથી. તીર્થંકરો પણ દીક્ષા પહેલાં આ બાર વૈરાગ્ય ભાવનાઓ ચિંતવે છે. જે જ્ઞાયક સ્વભાવને જાણ્યો છે તેમાં વિશેષ એકાગ્રતા કરવી તેનું નામ ભાવના છે. ધર્મી સમ્યગ્દષ્ટિ જીવની દૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદસ્વભાવ ઉપર હોય છે, ને તેના ધ્યાનમાં એકાગ્રતા કરે છે તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને તે જ સંવર-નિર્જરા તથા મોક્ષનો ઉપાય છે. બાર ભાવના પણ તેમાં જ સમાઈ જાય છે. આત્મા ચિદાનંદ સ્વભાવી છે, તેનું ધ્યાન તે ધર્મ છે, તેના ધ્યાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે ને બંધમાર્ગ તે પણ પરનું ધ્યાન છે. શુદ્ધસ્વભાવની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું તે મોક્ષના કારણરૂપ ધ્યાન છે; ને રાગની રુચિ કરીને તેમાં એકાગ્ર થવું તે સંસારના કારણરૂપ ધ્યાન છે. આત્મા વર્તમાન પ્રગટ અવસ્થા જેટલો જ નથી, પણ ત્રિકાળ શક્તિનો અખંડ પિંડ છે. સંયોગ તો પર છે. પુણ્ય-પાપ તે ક્ષણિક વિકારી લાગણી છે, તેટલો જ આત્મા નથી. જ્ઞાનના ક્ષયોપશમભાવ જેટલો પણ આત્મા નથી. આત્મા અખંડ જ્ઞાનસ્વભાવી પરિપૂર્ણ સામર્થ્યનો પિંડ છે અને જ્ઞાયકસ્વભાવ તરફ જ્ઞાનની એકાગ્રતા લંબાય તેનું નામ ભાવના છે.

સર્વજ્ઞે જોયેલી લોકસ્થિતિમાં એકેક જીવનો આવો સ્વભાવ છે. આવા પોતાના સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે તે સ્વભાવને ચૂકીને પરની રુચિ ને એકાગ્રતા તે સંસારમાર્ગ છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનથી લોક-અલોકને જોયા છે, તેની સમ્યગ્દષ્ટિને પ્રતીત વર્તે છે, ને તે ઉપરાંત લોકનું સ્વરૂપ ચિંતવતાં તેને જ્ઞાનની વિશેષ નિર્મળતા અને એકાગ્રતા થાય છે. લોકમાં રહેલા જીવતત્ત્વનું સ્વરૂપ શું છે? ને તેને નહિ સમજનાર જીવો કેવું વિપરીત સ્વરૂપ માને છે, એનો ધર્મી જીવ વિચાર કરે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેને જ્ઞાન સાથે ભેદ નથી. જ્ઞાન જુદું ને આત્મા જુદો

એવો પ્રદેશભેદ નથી. " જો આત્માને અને જ્ઞાનને પ્રદેશભેદ ન હોય તો તેમના જુદાં જુદાં બે નામ કેમ કહેવાય ? " એમ કોઈ પૂછે તો તેનું સમાધાન કહે છે :—

जीवस्य अपि ज्ञानस्य अपि गुणगुणिभावेन क्रियते भेदः ।
यत् जानाति तत् ज्ञानं एतं भेदः कथंचित् भवति ॥१८०॥

અર્થ:—જીવ અને જ્ઞાનમાં ગુણ-ગુણીભાવથી કથંચિત ભેદ કરવામાં આવે છે, પરંતુ 'જે જાણે તે જ આત્માનું જ્ઞાન છે' એવો ભેદ કેમ હોય ? ૧૮૦.

આત્મા પોતે જાણનાર તત્ત્વ છે; તેને જ્ઞાનથી જુદાપણું નથી. આત્મા દ્રવ્ય છે ને જ્ઞાન તેનો ગુણ છે-એ રીતે તેમને નામભેદ છે, પણ પ્રદેશભેદ નથી, વસ્તુભેદ નથી. આત્મા છે ત્યાં જ્ઞાન ન હોય અને જ્ઞાન છે ત્યાં આત્મા ન હોય એવું કદી પણ બનતું નથી. આત્મા ઇંદ્રિયોથી કે રાગથી જાણતો નથી, પણ પોતે જ જ્ઞાનસ્વભાવી જાણનાર તત્ત્વ છે, જુદા જ્ઞાનવડે આત્મા જાણે છે-એમ નથી પણ જ્ઞાન તો આત્માનો સ્વભાવ જ છે. આ રીતે આત્માને અને જ્ઞાનને નામભેદ-લક્ષણભેદ હોવા છતાં વસ્તુભેદ નથી-પ્રદેશભેદ નથી. પાંચે ઇંદ્રિયો બંધ હોય છતાં તે વખતે અંદર કોણ જાણે છે ? આત્મા જ જ્ઞાનથી જાણે છે. તે જાણનારો જ્ઞાનથી જુદો રહીને નથી જાણતો, પણ જ્ઞાન સાથે એકમેક છે.

આત્મા અને શરીર તો તદ્દન જુદા છે, બંને વસ્તુ જ ભિન્ન છે, બંનેના પ્રદેશો જ ભિન્ન છે; પણ આત્મા અને જ્ઞાનને તેવો ભેદ નથી. આમ જ્ઞાનસ્વભાવને નક્કી કરવો તેનું નામ ધર્મ છે. બહારથી જ્ઞાન આવે છે એમ જે માને છે તે જૈન નથી પણ અન્યમતી છે. ગુણ-ગુણીની એકતા છે એમાં એકાગ્ર થાઉં તો ગુણ ખીલે, એમ ન માનતાં નિમિત્તથી ને રાગથી જ્ઞાન ખીલે છે એમ જે માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, તેનો મત લોકસ્થિતિથી વિપરીત છે, આત્મસ્વભાવથી વિપરીત છે, સર્વજ્ઞથી વિપરીત છે, જૈનદર્શનથી વિપરીત છે.

આગળ ચાર્વાકમતી જ્ઞાનને પૃથ્વી આદિનો વિકાર માને છે. તેને નિષેધે છે :—

ज्ञानं भूतविकारं यः मन्यते सः अपि भूत गृहीतत्त्वः ।
जीवेन विना ज्ञानं किं केनापि दृश्यते कुत्र ? ॥१८१॥

અર્થ:—જ્ઞાનને પૃથ્વી આદિ પાંચ ભૂતોનો વિકાર માને છે તે ચાર્વાક ભૂત અર્થાત પિશાચથી ગ્રહાયો છે—ઘેલો છે. કારણ કે જ્ઞાન વિનાનો જીવ ક્યાંય કોઈને કોઈ ઠેકાણે જોવામાં આવે છે ? ક્યાંય પણ દેખવામાં આવતો નથી. ૧૮૧.

જેમ ઘડિયાળમાં બધા સંચા ભેગા થાય ત્યારે તે ચાલે છે, તેમ જ્ઞાન પણ સંયોગોથી થાય, ઇંદ્રિયો-પુસ્તકો વગેરે અનેક સાધન હોય તો જ્ઞાન થાય-એમ

માનનાર પણ ચાર્વાકમતી જેવો છે. અંતરમાં સ્વભાવ પડયો છે. તેનું અવલંબન કરું તો ધર્મ થાય-એમ ન માનતાં બહારના સંયોગથી ધર્મ માને છે-તે પણ ચાર્વાક જેવો મિથ્યાદૃષ્ટિ જ છે.

ચાર્વાક મતવાળા જીવો એમ માને છે કે પૃથ્વી-અગ્નિ વગેરે પંચભૂત ભેગા થઈને જીવની ઉત્પત્તિ થઈ છે, અને પાછો તે પંચભૂતમાં ભળી જશે, આ સિવાય જ્ઞાનસ્વભાવી જીવને તેઓ માનતા નથી. સ્વર્ગ-નરક કે મોક્ષ એવું કાંઈ માનતા નથી, પણ ભાઈ! આત્મા છે, તેનામાં પુણ્ય-પાપ થાય છે, પુણ્યનું ફળ સ્વર્ગ છે, પાપનું ફળ નરક છે, ને પુણ્ય-પાપરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ફળ મોક્ષ છે. આત્મા જ્ઞાનસ્વભાવા વસ્તુ સત્ છે. જ્ઞાન વગરનો જીવ કદી ક્યાંય કોઈને કોઈ ઠેકાણે જોવામાં આવતો નથી. "આવો જીવ નથી" એમ કહેતાં જ જીવની સિદ્ધિ થઈ જાય છે, કેમ કે વસ્તુને જાણ્યા વિના તેનો અભાવ કહી શકાય નહિ.

જંગલમાં એક વાણિયા પાસેથી કાઠીએ માલ લીધો. વાણિયો સમજી ગયો કે આ પૈસા નહિ આપે એટલે તેણે યુક્તિ વાપરીને કહ્યું કે "આ માલ લીધો છે તેનો સાક્ષી જોઈશે." જંગલમાં બીજું તો કોઈ ન હતું એટલે એક કાળા બિલાડાને બતાવીને કહ્યું કે "આ આપણો સાક્ષી!" પછી કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે ન્યાયાધીશ કહે કે તમારો સાક્ષી છે? વાણિયો બીજી બિલાડીને બતાવીને કહે કે "આ બિલાડી સાક્ષી છે." તરત જ કાઠીએ કહ્યું કે "આ બિલાડો ન હતો." બસ! "આ ન હતો" તો બીજો હતો—એમ સિદ્ધ થઈ ગયું, તેમ અજ્ઞાની કહે છે કે જીવ નથી-પણ "જીવ નથી" એમ કહેતાં જ જીવનું અસ્તિત્વ નક્કી થઈ જાય છે. જીવ નથી એમ કહેનાર પોતે કોણ છે? તે પણ જીવ છે. શ્રીમદે પણ કહ્યું છે કે :—

"શંકાનો કરનાર તે અચરજ એહ અમાપ."

"હું નથી" એમ શંકા કોણે કરી? જીવ વિના એવી શંકા કોણે કરી? શંકા કરનાર પોતે જ જીવ છે.

જીવને જાણ્યા વિના તેનો અભાવ કહી શકાય નહિ, માટે જીવનો અભાવ છે એમ કહેનારના મતમાં દૂષણ બતાવે છે :—

सच्चेतनप्रत्यक्षं यः जीवः नैव मन्यते मूढः।
सः जीवं न जानन् जीवाभावं कथं करोति? ॥१८२॥

અર્થ:—આ જીવ, સતરૂપ અને ચૈતન્યરૂપ સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ છે, તેને ચાર્વાક માનતો નથી, પણ તે મૂર્ખ છે. જો જીવને જાણતો-માનતો નથી તો તે જીવનો અભાવ કેવી રીતે કરે છે? ૧૮૨.

જે જીવને જાણતો જ નથી તે તેનો અભાવ પણ કહી શકે નહિ, અભાવને કહેવાવાળો પણ જીવ જ છે, કેમ કે સદ્‌ભાવ વિના અભાવ પણ કહ્યો જાય નહિ.

આત્માનો સદ્‌ભાવ જાણ્યા વિના "આત્મા નથી" એવો અભાવ પણ કહી શકાય નહિ. અહો! જ્ઞાનસ્વભાવી આત્મા ત્રિકાળ આનંદકંદ છે. આત્મા છે—એમ તેનો સદ્‌ભાવ જાણે તો જ "દેહાદિ છે તે આત્મા નથી" એમ પરપણે તેનો અભાવ કહી શકાય, પણ આત્માને જ જાણ્યા વગર આત્માનો અભાવ કહી શકાય નહિ. દેહમાં રોગ થયો હોય તેને દેહ નથી જાણતો પણ આત્મા જ જાણે છે, માટે આત્મા દેહથી ભિન્ન જાણનાર તત્ત્વ છે.

હવે યુક્તિપૂર્વક જીવનો સદ્‌ભાવ બતાવે છેઃ—

**यदि न च भवति जीवः तत् कः वेत्ति सुखदुःखानि ।**
**इन्द्रियविषयान् सर्वान् कः वा जानाति विशेषेण ॥१८३॥**

અર્થઃ—જો જીવ ન હોય તો પોતાને થતાં સુખ-દુઃખને કોણ જાણે? તથા ઇંદ્રિયોના સ્પર્શાદિક વિષયો છે તે બધાને વિશેષતાથી કોણ જાણે? ૧૮૩.

મને સુખ છે, મને દુઃખ છે—એમ સુખ-દુઃખને જીવ વગર કોણ વેદે? ત્રિકાળી સત્ એવો આત્મા છે તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે તો સુખ છે ને તે સત્ સ્વભાવથી ઊંધી માન્યતા તે અસત્ છે, તે અસતનું દુઃખ છે. એ સિવાય સંયોગમાં સુખ કે દુઃખ નથી. ઇંદ્રિયોના સ્પર્શાદિ વિષયોમાં "આ ટાઢું છે, આ ઊનું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ સુગંધ છે, આ દુર્ગંધ છે"—એમ કોણ જાણે છે? આત્મા જ તેને જાણે છે. ઇંદ્રિયોમાં તેને જાણવાની તાકાત નથી. જ્ઞાનમાં જ જાણવાની તાકાત છે. ઇંદ્રિયોના વિષયોમાં કાંઈ જ્ઞાન નથી. પણ આત્મા જ જ્ઞાનથી તેને જાણે છે. ગમે તેટલાં અંધારાં ભેગા કરો પણ તેમાંથી કાંઈ પ્રકાશ ન થાય, તેમ અનંતા જડ પદાર્થો ભેગા થઈને તેમાંથી ચેતનની ઉત્પત્તિ થાય નહિ ને ચેતનનાં કોઈ અંશમાંથી જડની ઉત્પત્તિ ન થાય, માટે જાણનાર તત્ત્વ દેહાદિના સંયોગથી ભિન્ન છે, તે જીવતત્ત્વ છે.

જીવ હોય ત્યાં સુધી જે કહો તે સાંભળે, પણ જીવ ચાલ્યો ગયા પછી દેહ પડી રહ્યો, તે કાંઈ સાંભળતો નથી કેમ કે દેહમાં કાંઈ જ્ઞાન નથી. જાણનાર તત્ત્વ તો જીવ છે, તે જીવ વિના સુખ-દુઃખ વગેરેનું વેદન કોણ કરે? હું સુખી, હું દુઃખી, આ સારું, આ ખરાબ—એમ જાણનારું તો આત્માનું જ્ઞાન છે. તું તારી આંખ ઉઘાડીને તત્ત્વોને જાણ કે જગતમાં કેટલાં તત્ત્વો છે. આંખનો મોતિયો ઊતરી ગયા પછી દાક્તર પૂછે કે "આ કેટલાં આંગળાં છે?" મોતિયો સારો ઊતરી ગયો હોય તો જેટલાં આંગળાં હોય તેટલાં દેખે છે. તેમ અહીં સર્વજ્ઞ ભગવાન કહે છે કે તું મિથ્યાત્વરૂપી મોતિયો

ઉતારીને જ્ઞાનચક્ષુ ઉઘાડીને જગતના પદાર્થોને દેખ! જગતમાં જીવ છે, અજીવ છે—એમ બધાં તત્ત્વો છે તેને જે નથી માનતો તે જીવને મિથ્યાત્વરૂપી મોતિયો ઊતર્યો નથી.

હવે આત્માનો સદ્ભાવ જેમ સિદ્ધ થાય તેમ કહે છે :—

संकल्पमयः जीवः सुखदुःखमयः भवति संकल्पः ।
तदेव वेत्ति जीवः देहे मिलितः अपि सर्वत्र ॥१८४॥

**અર્થ:—જીવ છે તે સંકલ્પમય છે, અને સંકલ્પ છે તે સુખ–દુ:ખમય છે, હવે તે સુખ–દુ:ખમય સંકલ્પને જે જાણે છે તે જ જીવ છે, જે દેહ સાથે સર્વત્ર મળી રહ્યો છે તોપણ જાણવાવાળો છે તે જ જીવ છે. ૧૮૪.**

સંકલ્પ–વિકલ્પ તે જીવનું મૂળ સ્વરૂપ નથી પણ તે સંકલ્પ–વિકલ્પ જીવના અસ્તિત્વમાં થાય છે. જીવના અસ્તિત્વ વગર સંકલ્પ–વિકલ્પ થતા નથી. આ પ્રમાણે જીવના અસ્તિત્વની સિદ્ધિ કરવા માટે આ કથન છે. જીવના ત્રિકાળી શુદ્ધસ્વરૂપની આ વાત નથી. વીંછી કરડતાં " મને દુ:ખ થાય છે " એવો સંકલ્પ કોને થાય છે? જીવને કે શરીરને? જીવને જ તેવો સંકલ્પ થાય છે, તથા " હવે વીંછી ઊતરી ગયો " એમ પણ જીવ જાણે છે. આ સંકલ્પ–વિકલ્પ તે વિકાર છે, પણ તે જીવતત્ત્વની વિપરીત દશા છે, એટલે જીવના અસ્તિત્વ વગર તે વિકલ્પોની ઉત્પત્તિ થતી નથી.

જેણે જીવના અસ્તિત્વને કબૂલ્યું છે, પણ તેનો ત્રિકાળ સ્વભાવ નથી જાણ્યો તેને શુદ્ધસ્વભાવ બતાવવા માટે સમયસારમાં એમ કહ્યું છે કે " સંકલ્પ–વિકલ્પ જે વિકાર છે તે પુદ્ગલનું કાર્ય છે " અને અહીં તો જીવના અસ્તિત્વને જ જે નથી માનતો તેને જીવનું અસ્તિત્વ બતાવવા માટે કહ્યું છે કે સંકલ્પ–વિકલ્પ જીવને જ થાય છે. જીવ વગર કદી સંકલ્પ–વિકલ્પ થતા નથી. દેહ સાથે સંયોગપણે હોવા છતાં જીવ તેનાથી ભિન્ન છે, જાણનાર તત્ત્વ તે જીવ છે—જેમ તલ અને તેલ સંયોગથી મળેલા હોવા છતાં બંને જુદા છે, તેમ જીવ અને દેહ એક ક્ષેત્રે હોવા છતાં જીવ તો જાણનાર છે, ને દેહ અચેતન છે. તે દેહથી જીવ ભિન્ન છે, આ પ્રમાણે જીવતત્ત્વને ઓળખવું. [ક્રમશઃ] —*—

[ નિજ ઉપકારમાં....પેઈજ નં. ૧૩ થી ચાલુ ]

શરીર સારું રહે તો ઠીક, કુટુંબ સારું રહે તો મને ઠીક, દુનિયા ઠીક રહે તો મને ઠીક એવી પરનો આશ્રય કરતી તારી મૂઢ બુદ્ધિ તારા અજ્ઞાનને જાહેર કરે છે, એ અજ્ઞાન તું છોડ!

જ્યાં સુધી જીવ પરને પરરૂપ નથી જાણતો ત્યાં સુધી જ પરનો ઉપકાર કરે છે. જ્યાં પરને પર જાણે છે ત્યાં તેનો ઉપકાર કરવો છોડી દે છે અને પોતાનો ઉપકાર કરવામાં લાગી જાય છે. માટે સાચી વસ્તુસ્થિતિ જાણી, તત્ત્વજ્ઞાની બની, પોતાને આધીન સુખી બનાવવારૂપ આત્મ-ઉપકાર કરવામાં તું તત્પર થઈ જા! એ જ ભગવાનનો ઉપદેશ છે.

—०—

[ક્રમશઃ]

# જિનપાદપદ્મની ભક્તિ હો! કર્મનો ઉદ્‌ભવ ન હો!

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

૧૬–૧૭ મી ગાથા પૂરી થઈ. તેના ઉપર બે શ્લોક કહે છે:

[શ્લોકાર્થ:—] (હે જિનેન્દ્ર!) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં, વિદ્યાધરના સ્થાનમાં હોઉં, જ્યોતિષ્ક દેવોના લોકમાં હોઉં, નાગેન્દ્રના નગરમાં હોઉં, નારકોના નિવાસમાં હોઉં, જિનપતિના ભવનમાં હોઉં કે અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્‌ભવ ન હો, ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો. ૨૮.

૧૬–૧૭ ગાથામાં ચારગતિનું કથન કર્યું. ત્યાં મુનિરાજ કહે છે કે હે પ્રભો! હું મારા સ્વભાવની જ ભાવનામાં છું. મારા ચૈતન્યયોગમાં જ હું એકાગ્ર છું, પણ વચ્ચે રાગને કારણે કદાચિત્ દૈવયોગથી સ્વર્ગાદિમાં હોઉં, તો ત્યાં પણ ફરી ફરીને આપનાં ચરણકમળની ભક્તિ જ હો, કર્મનો ઉદ્‌ભવ ન હો. ચૈતન્યની દૃષ્ટિથી ચારે ગતિનો નકાર કરે છે. ચાર ગતિમાં ગમે તે સ્થાને હોઉં પણ મારી દૃષ્ટિ તો ચૈતન્યમાં જ હો, મને કર્મનો ઉદ્‌ભવ જ ન હો. ચૈતન્યમાં દૃષ્ટિથી કર્મ ઉત્પન્ન ન થાવ. કર્મ છે ત્યાંથી આગળ હવે કર્મ ઉત્પન્ન ન થાવ પણ ચૈતન્યની દૃષ્ટિપૂર્વક હે નાથ! આપનાં પાદકમળની જ ભક્તિ હો. ચાર ગતિમાં ઉત્પન્ન થવાની ભાવના નથી, પણ ચૈતન્યની જ ભાવના છે. કર્મનો ઉદ્‌ભવ ન હો, ને આત્માનો જ ઉદ્‌ભવ હો. શુદ્ધતામાં ન ઠરી શકું ત્યારે આપનાં ચરણકમળની સેવાનો શુભ ભાવ હો. અંદર નિશ્ચયભક્તિપૂર્વક વ્યવહારભક્તિની વાત કરી છે, તેમાં ભાવના તો સ્વરૂપની જ છે.

[શ્લોકાર્થ:—] નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ, તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે! તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે. તે (પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે; જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે. ૨૯.

વિશેષ વૈરાગ્યપૂર્વક પોતાને ઉદ્દેશીને વાત કરે છે કે અરે જીવ! બહારના વૈભવો તરફનું વલણ જ દુઃખદાયક છે, ચૈતન્યની પરમાનંદ સંપદાની ભાવના જ સુખદાયક છે. પદ્મપ્રભમલધારિદેવ પોતાના સ્વભાવની ભાવના કરે છે ને વૈભવની ભાવના કરવા જેવી નથી એમ સમજાવે છે. પોતે મહા સંત મુનિ હોવા છતાં પોતાની લઘુતા વર્ણવતાં કહે

છે કે " જડમતિ! વૈભવોની વાત સાંભળીને તું અહીં ફોગટ કલેશ કેમ પામે છે
અંદર અસ્થિરતા થતાં વૈભવ તરફ લક્ષ ગયું ને રાગની જરા વૃત્તિ ઊઠી તો તે
જ જડમતિ છે, તે અપેક્ષાએ અહીં કહ્યું છે.

પૈસા વગેરેનો વૈભવ તારા વર્તમાન પુરુષાર્થથી આવતો નથી તે તો પૂર્વનાં પુણ્
જ આવે છે, માટે તે વૈભવની ભાવનારૂપ કલેશને છોડ. તે વૈભવ તો ખરેખર પુણ્
મળે છે, ને તેવાં પુણ્યની પ્રાપ્તિ તો જિનેન્દ્રદેવનાં ચરણકમળની પૂજામાં છે, સા
પણામાં ચૈતન્યના ભાનપૂર્વક વચ્ચે ભગવાનની ભક્તિનો શુભરાગ આવી જાય છે. હે સાધ
વચ્ચે શુભરાગથી આવો વૈભવ આપોઆપ આવી જાય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. વૈભ
લાલચ નથી કરાવી. તીર્થંકર-ચક્રવર્તી-બળદેવ વગેરે પદવીના વૈભવ સમ્યગ્દષ્ટિને જ
છે. સમ્યગ્દષ્ટિ સિવાય બીજાને તેવી પદવીનાં પુણ્ય હોતાં નથી, માટે હે મૂઢમતિ!
તારા ચૈતન્યની ભાવનામાં જ રહે, બહારના વૈભવની ભાવના ન કર. પોતે પંચમ આ
મુનિ છે, હજી સ્વર્ગમાં ભવ થશે ને ત્યાંથી રાજકુમારપણે અવતાર થશે, એનું
કરાવ્યું છે. રાગ મારું સ્વરૂપ નથી એવું ભાન છે. રાગનો આદર નથી, આદર તો ચૈત
સ્વભાવનો જ છે.

મુનિને સ્વર્ગ સિવાય બીજો અવતાર ન હોય. ધર્માત્માને હલકી ગતિ કે હ
ભવ હોય જ નહિ. સમ્યગ્દર્શન પછી વૈમાનિક-દેવપણે જ ઊપજે, ને ત્યાંથી પણ
ઉચ્ચ કુળમાં જ અવતરે. હલકી ગતિમાં ને નીચ ભવમાં સમ્યગ્દષ્ટિ અવતરે નહિ.
અહીં એમ કહ્યું કે તું બહારના વૈભવની વાત સાંભળીને તેની ભાવનાથી ફોગટ કલે
પામ. ચૈતન્યની જ ભાવના કર. તેમાં વચ્ચે પુણ્ય બંધાતાં બહારનો વૈભવ તો સહેજે

આત્મા કરે, વળી ભોગવે પુદ્ગલ કરમ વ્યવહારથી;
ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.

**અર્થ:—આત્મા પુદ્ગલકર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી છે અને આત્મા
જનિત ભાવનો કર્તા-ભોક્તા (અશુદ્ધ) નિશ્ચયથી છે. ૧૮.**

અહીં જ્ઞાન કરાવવા માટે નયોથી વર્ણન કર્યું છે.

(૧) આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા
તેના ફળરૂપ સુખદુ:ખનો ભોક્તા છે.

કર્મો આત્મા સાથે એક ક્ષેત્રે છે, માટે તે નિકટવર્તી છે. નજીકમાં છે તે
સંબંધ છે તેથી અનુપચરિત છે. પણ આત્માના સ્વભાવથી તે કર્મ જુદી ચીજ છે
તે અસદ્ભૂત છે, ને તેની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે અપેક્ષાએ વ્યવહાર
એ રીતે નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી આત્માને દ્રવ્યકર્મનો કર્તા

છે. આત્મા રાગદ્વેષ કરે ત્યારે તેનું નિમિત્ત પામીને કર્મો બંધાય છે, માટે આત્માએ તે કર્મોને કર્યા એમ નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહ્યું છે. ખરેખર કાંઈ આત્મા તેનો કર્તા નથી, પણ કર્મની અવસ્થા થઈ ત્યારે તેમાં નિમિત્તરૂપે જીવનો વિકાર હતો, આટલો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા માટે આ વ્યવહાર કહ્યો છે. કર્મ બંધાય છે તો તે વખતે જીવમાં પણ તેટલો વિકાર છે—એમ અહીં જ્ઞાન કરાવ્યું છે. સાધક જીવને વચ્ચે રાગ પણ છે, તેથી તેને આવો નય લાગુ પડે છે. જો રાગ સર્વથા ટળી ગયો હોય તો તેને આ નય લાગુ ન પડે. સમ્યગ્દૃષ્ટિ પોતાના રાગને અને કર્મને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે તેનું જ્ઞાન કરે છે તેથી તેને આવો નય હોય છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે પોતે મૂળ સૂત્રમાં આત્માને પુદ્‌ગલકર્મનો વ્યવહારથી કર્તા કહ્યો છે. કેમ કે આત્માની પર્યાયમાં કર્મ સાથે તેટલો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, તેથી કહ્યું કે આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મનો કર્તા છે, અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે. અહીં સુખદુઃખરૂપ અંદરના પરિણામની વાત નથી પણ જડકર્મના વિપાકની વાત છે. પોતે હર્ષ–શોકના પરિણામ કરે તેનો ભોગવટો તો અશુદ્ધ નિશ્ચયનયથી છે; ને તેમાં જે જડકર્મનો ઉદય નિમિત્ત છે તેનો ભોગવટો કહેવો તે નિકટવર્તી અનુપચરિત વ્યવહારથી છે.

બહારના સંયોગનો કર્તા–ભોકતા કહેવો તેની વાત આ નિકટવર્તીમાં ન લેવી; તેની વાત તો ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારમાં આવશે. અહીં તો નિકટવર્તી એટલે કે એક ક્ષેત્રે રહેલાં કર્મનો કર્તા–ભોક્તા આત્મા અસદ્‌ભૂત અનુપચરિત વ્યવહારથી છે, કર્મે આત્માને ફળ દીધું–એમ કહેવું તે વ્યવહાર છે. દૂરની સામગ્રી આ નયમાં ન લેવી.

(૨) “ અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિ ભાવકર્મનો કર્તા અને ભોક્તા છે. ”

પોતાની પર્યાયમાં જે રાગ, દ્વેષ, હર્ષ, શોક વગેરે વિકારી ભાવો થાય તે પોતાની જ પર્યાય છે માટે નિશ્ચય, ને તે વિકારી ભાવ છે માટે અશુદ્ધ; તેથી અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાના રાગાદિ વિકારી પરિણામનો કર્તા અને હર્ષ–શોકનો ભોક્તા છે. દૃષ્ટિના વિષયમાં તો આત્મા રાગાદિનો કર્તા ને ભોક્તા છે જ નહિ–એમ કહે છે, પણ અહીં પોતાની અશુદ્ધ પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. અશુદ્ધતા પોતાની પર્યાયમાં જીવ પોતે કરે છે. કોઈ બીજું તેને તે અશુદ્ધતા કરાવતું નથી, માટે નિશ્ચયથી જીવ તેનો કર્તા અને ભોક્તા છે. પણ તે ભાવો અશુદ્ધ છે માટે તેને અશુદ્ધ નિશ્ચયનય કહ્યો.

રાગાદિ ભાવો વિકારી છે માટે અશુદ્ધ અને પોતાના છે માટે નિશ્ચય; એ રીતે અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાના રાગાદિ વિકાર પરિણામનો કર્તા અને ભોક્તા છે.

(૩) “ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી ( દેહાદિ ) નોકર્મનો કર્તા છે. ”

કર્મનો કર્તા–ભોક્તા કહ્યો તેમાં ‘ નિકટવર્તી ’ શબ્દ વાપર્યો હતો. અહીં તે શબ્દ

નથી લીધો. દેહાદિની ક્રિયા તો તેના જ કારણે સ્વતંત્રપણે થાય છે, આત્મા તેનો કર્તા ખરેખર નથી, પણ નિમિત્તપણે ઇચ્છા હોય ને શરીર ચાલે ત્યાં અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી જીવને શરીરનો કર્તા કહ્યો. આત્માની ઇચ્છાને લીધે શરીર ચાલતું નથી. આત્મામાં શરીરાદિ અસદ્ભૂત છે, પણ શરીરની ક્રિયા વખતે જીવના નિમિત્તપણાનું જ્ઞાન કરાવવા પૂરતો આ વ્યવહાર છે. વ્યવહારથી આત્મા કર્તા છે એટલે નિશ્ચયથી તો શરીરાદિની ક્રિયા તેના પોતાના કાળે થાય છે, એટલે નિશ્ચયથી તો તે પોતે જ (અર્થાત્ શરીર જ) કર્તા છે, આત્માને કર્તા કહેવો તે વ્યવહાર છે. નિશ્ચયથી તો તે પોતે કર્તા છે ત્યાં બીજાને કર્તા કહેવાનો વ્યવહાર થયો. આ વાત બધા બોલમાં લાગુ પાડવી.

(૧) પહેલાં કર્મનો કર્તા–ભોક્તા વ્યવહારથી કહ્યો. તેમાં નિશ્ચયથી કર્તા તો જડ કર્મ પોતે જ છે, ને વ્યવહારથી જીવને કર્તા કહ્યો છે.

તે જ પ્રમાણે કર્મનું ફળ નિશ્ચયથી તો કર્મમાં જ આવે છે, આત્મા તેનો ભોક્તા નથી, પણ વ્યવહારથી આત્મા તેનો ભોક્તા છે.

નિશ્ચય રાખીને વ્યવહાર હોય ને? નિશ્ચયથી તો કર્મનો કર્તા ને ભોક્તા તે કર્મ પોતે જ છે, તે તેના પરિણામનો સ્વકાળ જ છે, ત્યારે નિમિત્ત તરીકે જીવને કર્તા-ભોક્તા કહેવો તે વ્યવહાર છે. નિશ્ચયને લક્ષમાં રાખીને આ વ્યવહાર કહેવામાં આવે છે.

(૨) અશુદ્ધ નિશ્ચયથી આત્માને રાગ-દ્વેષાદિનો કર્તા–ભોક્તા કહ્યો, તેમાં વ્યવહારથી આત્માને કર્મનો કર્તા–ભોક્તા કહ્યો; આમ બંને બોલમાં પરસ્પર નિશ્ચય–વ્યવહાર થઈ ગયા.

નિશ્ચયથી પુદ્ગલ પોતે પોતાનો કર્તા–ભોક્તા; ને વ્યવહારથી જીવ તેનો કર્તા-ભોક્તા છે.

નિશ્ચયથી જીવ પોતે પોતાના રાગદ્વેષનો કર્તા–ભોક્તા છે, ત્યાં વ્યવહારથી કર્મનો કર્તા–ભોક્તા કહેવાય છે.

(૩) દેહ–વાણી વગેરેનો કર્તા આત્માને કહેવો તે અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર છે, તો નિશ્ચય શું? કે દેહ–વાણી વગેરેની ક્રિયા તેને પોતાને કારણે સ્વયં થાય છે તે નિશ્ચય છે, અને ત્યારે રાગી જીવ તેમાં નિમિત્ત છે માટે તેને દેહાદિ નોકર્મનો કર્તા વ્યવહારે કહેવાય છે. આ નયો સાધકને હોય છે.

(૪) "ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી ઘટ–પટ–રથ આદિનો (ઘડો, વસ્ત્ર, ગાડું ઇત્યાદિનો) કર્તા છે."

ક્ષેત્રથી દૂરના પદાર્થો છે માટે ઉપચરિત વ્યવહાર કહ્યો છે. ઘડો, મકાનાદિ તે તેના પોતાના સ્વતંત્ર પરિણમનથી થાય છે, તે વખતે રાગી જીવ નિમિત્તરૂપે છે. તેનું

તેનો કર્તા કરાવવા માટે તે જીવને ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહારનયે તેનો કર્તા કહેવાય છે.

અસદ્‌ભૂ[ત] સ્વભાવની દૃષ્ટિ અપેક્ષાએ તો આત્મા ઘટ–પટાદિનો નિમિત્ત કર્તા પણ નથી. એ [...] સમયસારની ૧૦૦ મી ગાથામાં છે. અહીં તે વાત નથી. અહીં તો પર્યાયની વાત [...] સમયસારમાં તો અભેદ દ્રવ્યદૃષ્ટિની વાત છે. જો દ્રવ્ય પોતે જ નિમિત્ત હોય તો તે [...] જ્યાં ઘડો વગેરે થાય ત્યાં ત્યાં તે નિમિત્ત થયા જ કરે, એટલે કે તેની મુક્તિ [...] થાય જ નહિ. અહીં તો પર્યાયમાં ક્ષણ પૂરતો રાગ છે તેનું જ્ઞાન કરાવવા ઉપચારથી [...]નો કર્તા કહેવાય છે. પરની ક્રિયા થાય છે તો તેના કારણે–તે નિશ્ચય છે, તેમાં કાંઈ [જી]વનો અધિકાર નથી, ને તે વખતે રાગી જીવ નિમિત્તપણે હતો તે ઓળખાવવા તેને [...]ચારથી ઘટપટાદિનો કર્તા વ્યવહારે કહે છે.

આ અશુદ્ધ જીવનું વર્ણન છે, જેને હજી રાગાદિ વિકલ્પ થાય છે એવા જીવને [...] નયો લાગુ પડે છે. સિદ્ધને આ નય લાગુ ન પડે. આ ગાથામાં કુલ ચાર નય કહ્યા.

૧. નિકટવર્તી અનુપચરિત વ્યવહારથી જીવ કર્મનો કર્તા ને તેનાં ફળનો ભોક્તા છે, પણ નિશ્ચયથી તો કર્મનો કર્તા ને ભોક્તા કર્મ પોતે જ છે.

૨. અશુદ્ધ નિશ્ચયથી આત્મા પોતાના વિકારી ભાવનો કર્તા ને ભોક્તા છે.

૩. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી શરીરાદિનો કર્તા છે ત્યાં શરીરાદિની ક્રિયા નિશ્ચયથી તો તેના કારણે જ થાય છે. નિમિત્ત તરીકે રાગી જીવ હોય તેને વ્યવહારથી કર્તા કહેવાય છે.

૪. મકાન–વસ્ત્ર વગેરેનો કર્તા જીવને કહેવો તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર છે. નિશ્ચયથી મકાન વગેરે રૂપે પુદ્‌ગલ સ્કંધો જ સ્વયં પરિણમે છે. કડિયાએ મકાન કર્યું એમ કહેવું તે તો ઉપચાર છે, યથાર્થ નથી.

ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં તો આત્મા કોઈનો નિમિત્ત પણ નથી, એમ ત્રિકાળી દૃષ્ટિમાં તો તે નિમિત્તકર્તાપણું પણ ઉડાડી દીધું. પછી આ વર્તમાન પૂરતી પર્યાયનું જ્ઞાન કરવા માટેની વાત છે. સમ્યગ્દૃષ્ટિને ક્યાં પરનો નિમિત્ત સંબંધ છે તેનું જ્ઞાન કરાવવા પૂરતો આ વ્યવહારનય છે. એ રીતે અશુદ્ધ જીવની વાત કરી.

સુખદુઃખના ત્રણ પ્રકાર આવે છેઃ—

૧. સુખદુઃખરૂપ જીવના પરિણામ : તે અશુદ્ધ નિશ્ચયમાં આવે છે.

૨. સુખદુઃખરૂપ કર્મનો ઉદય : તે નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારમાં આવે છે.

અને ૩. સુખદુઃખરૂપ બાહ્ય સામગ્રી : તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારમાં આવે છે.

—એમ ત્રણે પ્રકારને સુખદુઃખ કહેવાય છે. [ક્રમશઃ]

# સુખી કોણ?

ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે, સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે. ૩૧૪.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'ખંડખંડ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.'

ત્રણ લોકનાનાથ શ્રી સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં એમ આવ્યું છે કે 'શ
મારું' એવી જે ભ્રાન્તિ તે તો પરવશતા છે જ, પણ 'રાગ મારો, ખંડખંડરૂપ જ્ઞાન તે
એ પણ આત્માની પર્યાયમાં પરવશપણું છે, દુઃખ છે. આત્મા સ્વભાવે અખંડ જ્ઞાનમ
છે; પણ તેની વર્તમાન અવસ્થામાં ખંડખંડજ્ઞાન–ભાવેન્દ્રિય–છે ને? ભાવેન્દ્રિયને
ખંડખંડ જ્ઞાનનો–સ્વભાવ ક્રમે જાણવાનો છે; વિષયોને અવલંબીને જાણવાનો સ્વ
હોવાથી તે પરવશ છે. અહા! શરીર, વાણી વગેરે પરપદાર્થ તો ક્યાંય રહી ગ
રાગાદિ વિભાવ પણ એકકોર રહી ગયો, પણ એક એક ઇન્દ્રિય દ્વારા એક એક વિષ
જાણનારું જે પરલક્ષી ખંડખંડ જ્ઞાન તે પણ પરવશતા છે, સ્વાધીનતા નથી.

ભગવાન આત્મા તો અખંડ શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન છે; તેમાં જે દયા, દા
વ્રત, ભક્તિના પરિણામ થાય તે તો રાગ છે, દુઃખ છે, પરંતુ ભાવેન્દ્રિય દ્વારા
ખંડખંડ જ્ઞાન થાય તે પણ પરાધીનતા ને દુઃખ છે. અહા! આવી ઝીણી વાતો છે. દેવ
શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો શુભરાગ, મહાવ્રતનો કે શાસ્ત્ર ભણવાનો રાગ–વિકલ્પ તે પરવશપ
છે, દુઃખ છે, એ કાંઈ આત્માનું ખરું સ્વરૂપ નથી. એ ઉપરાંત આત્મામાં જે ભાવેન્દ્રિ
–જ્ઞાનનો ઉઘાડ, એક સમયની પર્યાયમાં વિષયને જાણતાં જે ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયો
તે પણ પરવશપણું છે, આત્માનું સ્વરૂપ નથી.

'પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.'

ભગવાન આત્મા અખંડ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય પ્રભુ છે, તેની દૃષ્ટિ નથી ને વર્તમા
પર્યાયમાં જે ખંડખંડરૂપ જ્ઞાન છે, ભાવેન્દ્રિયરૂપ જ્ઞાન છે એટલો જ આત્મા છે—એ
જે માન્યતા તે જ પરવશતા છે, અને પરવશપણું એ જ દુઃખ છે. વિષય જરા ઝીણ
છે. શરીર, કર્મ વગેરે પરદ્રવ્ય તો આત્માના છે જ નહિ, રાગાદિ વિભાવભાવ પ
આત્માનો સ્વભાવ નથી, પણ પર્યાયમાં જે પરલક્ષી ખંડખંડ જ્ઞાન છે તે પણ પરવશપ

દુઃખ છે. જડ ઇંદ્રિય તો માટી–ધૂળ છે, પણ અંદર ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ જે ઇન્દ્રિય છે તે જડ–ઇંદ્રિયોની મદદે એક એક મૂર્તિક સ્થૂલ વિષયને જાણે છે, તે પણ પરાધીનતા, પરાધીનતા ને દુઃખ છે. આત્માને લક્ષ્મીવાળો–ધૂળનો ધણી–માનનાર તો દુઃખી જ, પણ રાગવાળો કે ખંડખંડ જ્ઞાનવાળો માનનાર પણ દુઃખી છે. નિર્ધન દુઃખી તે પૈસા નથી માટે દુઃખી છે એમ નહિ, પરંતુ 'હું પૈસાવાળો નથી, નિર્ધન છું' ની દૃષ્ટિમાં જે પરવશતા છે તેથી જ તે દુઃખી છે.

ઇંદ્રિયથી જુદો અને ખંડખંડ જ્ઞાનથી–ઇંદ્રિયજ્ઞાનથી પણ નિરાળો એવો જે નિજ પરિપૂર્ણ જ્ઞાયક આત્મા, તેના ભાન વિના માત્ર ખંડખંડ જ્ઞાનને પોતાની ચીજ માનનાર અજ્ઞાની છે, મૂઢ છે, પરવશતાને લીધે દુઃખી છે. પત્નિ, પુત્ર ને પરિવાર કે દેવ–શાસ્ત્ર ગુરુ એ તો પર, પણ પોતાની પર્યાયમાં જે રાગાદિ ભાવ અને ખંડખંડરૂપ જ્ઞાન–શાસ્ત્રનું જ્ઞાન, વૈદકનું જ્ઞાન, અરે! ધર્મના શાસ્ત્રનું જ્ઞાન—તે પણ પરલક્ષી હોવાથી પરવશતા છે, દુઃખ છે. પરવશતાનો ભાવ મોહથી મલિન હોવાથી બંધનું કારણ છે, મોક્ષદશાનું કારણ નથી; અબંધપરિણામ તો સ્વાવલંબી દૃષ્ટિ અને જ્ઞાનથી થાય છે.

'મને ઘણી આવડત છે' એમ આવડતના ડહાપણે ચઢીને ખંડખંડ જ્ઞાનને પોતાનું માનનાર મિથ્યાત્વી છે, દુઃખી છે. એને એક બોલમાં કહ્યું છે ને?—"મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે." અખંડ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મામાં દૃષ્ટિ કરવી તે જ ખરું કર્તવ્ય છે.

દેવ–શાસ્ત્ર–ગુરુ પર છે, શરીર ને ઇંદ્રિયો પર છે, શુભાશુભ વિભાવભાવ આનંદનિધિ ભગવાન આત્માનો સ્વભાવ નથી અને ઇંદ્રિયજ્ઞાન–ભાવેન્દ્રિય, પરલક્ષી ખંડખંડ જ્ઞાનનો પ્રકાર પણ અખંડ પરિપૂર્ણ જ્ઞાનમૂર્તિ જ્ઞાયકદેવનું સ્વરૂપ નથી; માટે એ બધાનું લક્ષ છોડી, એ બધાંથી ભિન્ન નિજ અખંડ ચિન્મયજ્ઞાયક ભાવનો આશ્રય કરવો, દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન છે, ધર્મનું પહેલું પગથિયું છે.

પરવશ છે તે દુઃખી છે. વ્યવહારરત્નત્રયના રાગનો ભાગ પણ પરવશપણું છે. એ પણ દુઃખ છે.

અખંડ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની પર્યાયમાં એક એક વિષયનો કટકે કટકે જાણનારી ભાવેન્દ્રિય, પરલક્ષી ખંડખંડરૂપ જાણપણું–એ પણ પરવશતા છે. શાસ્ત્રનું જ્ઞાન–સાંભળેલું કે વાંચેલું—એ પણ પરલક્ષી ખંડખંડજ્ઞાન છે, પરવશતા છે. 'પરાધીન સપનેહુ સુખ નહિ', પરવશ છે તે દુઃખી છે.

સ્વવશ તે સુખી છે. આનંદનિધાન નિજ અખંડ જ્ઞાયક દ્રવ્યસ્વભાવનો આ
લઈને, એનું સાધન થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-રમણતામય સ્વાધીન પરિણતિ થા
સુખ છે. સ્વવશ પરિણતિવાળો જીવ સદા સુખી છે; ખંડખંડ જ્ઞાનનો આશ્રય હતો
સુધી દુઃખી હતો. અંદર અખંડ પરિપૂર્ણ જ્ઞાયકતત્ત્વનો આશ્રય લીધો-સ્વવશ પરિ
થયું—ત્યારથી સુખી થયો.

'શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વતસુખ પ્રગટ થાય

નિત્યાનંદ સ્વરૂપજ્ઞાયક ચૈતન્યતત્ત્વ કે જે સ્વભાવે શુદ્ધ અને શાશ્વત પરમભાવ
તેના આશ્રયરૂપ સ્વવશપણાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણામથી—શા
સુખ એટલે કે મોક્ષદશા પ્રગટ થાય છે. નિયમસારમાં "વિપરીતના પરિહાર અર્થે '
પદ યોજેલ છે" એમ કહ્યું છે. ત્યાં 'વિપરીત'નો અર્થ માત્ર મિથ્યાત્વ લેવો ન
પણ નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી અન્ય એવા સામાયિ
વંદના વગેરે વ્યવહારરત્નત્રયના સમસ્ત ભાવો લેવાના છે. તે ભાવો સ્વરૂપથી વિપ
ને બંધના કારણ છે. તે વ્યવહાર ભાવોથી પ્રતિપક્ષ એવા નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્
આલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ નિશ્ચય આવશ્યક થાય તે, વ્યવહ
રત્નત્રયરૂપ વિપરીતતાના પરિહારસ્વરૂપ હોવાથી સુખરૂપ છે.

વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, દયા, દાન—એ બધો શુભરાગ પણ દુઃખ
તેને ધર્મ કે ધર્મનું ખરું કારણ માનવું તે મિથ્યાત્વ છે, દુઃખ ને દુઃખનું કારણ
ત્રિકાળશુદ્ધ, શાશ્વત અને પવિત્ર રહેનારું જે નિજ ચૈતન્યતત્ત્વ તેનો જેણે અંતર
આશ્રય લીધો, અવલંબન લીધું, તે સાધક જીવ સ્વવશ છે, સુખી છે. અહા! નિ
ચૈતન્યતત્ત્વની આવી વાતો જગતને આકરી પડે; પણ બીજું શું થાય? વસ્તુનું જે
સ્વરૂપ છે તેને યથાર્થ સમજવું તો પડશે ને?

નિયમસારમાં કહ્યું છે: કથનમાત્ર વ્યવહાર—વ્રતાદિના વિકલ્પો, નવમીગ્રૈવેયક જા
એવી શુક્લલેશ્યા વગેરે—અનંતવાર કર્યો, તે શુભરાગમાં ધર્મ માનવો તે મિથ્યાત્વ
પોષણ છે. પરાશ્રયે થતાં વિકલ્પો પરાધીનતા, પરવશતા અને દુઃખરૂપ છે, તેને ધર્મ
ધર્મનું ખરું સાધન માનવું તે મિથ્યાશ્રદ્ધાને—ઝેર જેવા વિભાવને—પોષણ આપ
જેવું છે, નિત્યાનંદસ્વરૂપ નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વના આશ્રયે—અંતરમાં જે શાશ્વત સુખને
ભંડાર છે તેના આલંબને—પર્યાયમાં જે શાશ્વત સુખ પ્રગટ થાય તેનું નામ ભગવા
ધર્મ કહે છે. અહા! આવી વાત છે ભાઈ!

હાલના ઉપદેશકો કહે છે: વ્યવહાર કરો; વ્યવહાર કરો. પણ ભાઈ! વ્યવહા
એટલે શું? દયા, દાન, વ્રત, તપ, ભગવાનના દર્શન-પૂજા વગેરે શુભભાવરૂપ વ્યવહા
તો રાગ છે. એવો રાગ તો અનંતવાર કર્યો છે; એ કાંઈ ધર્મ કે ધર્મનું કારણ નથ

૩૬૫ માં બોલમાં દ્રવ્યદૃષ્ટિની વાત આવે છે. દ્રવ્ય એટલે નિજ શુદ્ધ જ્ઞાયકવસ્તુ, આત્માની જે નિર્મળદૃષ્ટિ થવી તે દ્રવ્યદૃષ્ટિ છે. નિમિત્તની દૃષ્ટિ છોડી દઈ, રાગની ક્રિયાના પરિણામની દૃષ્ટિ છોડી દઈ, એક સમયની અલ્પ કે પૂર્ણ પર્યાયની દૃષ્ટિ પણ છોડી દઈ, શાશ્વત સુખનિધિ ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન નિજ આત્માની દૃષ્ટિ કરવી તે દ્રવ્યદૃષ્ટિ છે. પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો ! અનાદિ કાળમાં એક સેકંડમાત્ર પણ નિજ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરી નથી, બાકી તો દેવ–શાસ્ત્ર–ગુરુની ઉપાસના, જીવાદિ નવતત્ત્વની બહિર્લક્ષી શ્રદ્ધા, સમયસાર આદિ સાચાં શાસ્ત્રોનું બહિર્લક્ષી જ્ઞાન, પંચ મહાવ્રત વગેરેના શુભરાગનું આચરણ અને ઉપવાસ વગેરે તપના શુભભાવ કરવાથી આત્મકલ્યાણ થઈ જશે એમ માનીને જીવે અનંતકાળ પરિભ્રમણ કર્યું છે. સમજાય છે કાંઈ?

દ્રવ્ય નામ વસ્તુ–ચૈતન્યપદાર્થ, કાયમ રહેનારી ચીજ, તે વસ્તુમાં ક્ષણે ક્ષણે બદલનારા પરિણામ તો છે, પણ દૃષ્ટિ વર્તમાન પરિણામને સ્વીકારતી નથી, તે તો ત્રિકાળી ધ્રુવ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. જેમાં બહારના શુભ આચરણની ક્રિયા તો નહિ, રાગાદિ વિભાવ પણ નહિ, ખંડખંડ જ્ઞાન પણ નહિ અને ગુણગુણીના ભેદ પણ નહિ, એવો સર્વજ્ઞ ભગવાને જોયેલો ને કહેલો જે નિજ નિત્ય શુદ્ધ અભેદ ધ્રુવ જ્ઞાયક–આત્મા તેને જ દૃષ્ટિ અવલંબે છે, આવી દૃષ્ટિ સહિતનું જે જ્ઞાન તથા સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર તે જ સાચો મુક્તિનો માર્ગ છે. એ જ જન્મ–મરણનો અંત લાવવાનો ઉપાય છે. શું કહેવું ?–લોકોને આ તત્ત્વનો અભ્યાસ નથી અને બહારની 'હાહો'એ ચડી ગયા છે.

આત્મા એક વસ્તુ છે ને ? જેનામાં અનંતગુણો વસેલા હોય તેને વસ્તુ કહીયે. આત્મામાં પણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે અનંત ત્રિકાળ–અવસ્થાયી ગુણો વસેલા છે. વળી આગમમાં વસ્તુને 'उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं' અને 'गुण–पर्यायवत्' કહી છે તેમાં જે ઉત્પાદ–વ્યય થાય છે તે તો પર્યાય છે અને જે ધ્રૌવ્ય છે તે ટંકોત્કીર્ણ શુદ્ધ નિત્ય દ્રવ્યસામાન્ય છે. તે ધ્રુવ દ્રવ્યસ્વભાવને અવલંબનારી, ત્રિકાળી નિત્ય પરમભાવનો આશ્રય કરનારી જે દૃષ્ટિ તેનું નામ દ્રવ્યદૃષ્ટિ અર્થાત્ સમ્યગ્દર્શન છે.

અહા ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ બહુ ઝીણો છે ભાઈ ! અત્યારે તો લોકોએ બહારની બધી વાતોમાં ધર્મ મનાવી દીધો છે. અહીં તો કહે છે કે નિજ શુદ્ધ અંતઃતત્ત્વની દૃષ્ટિ થતાં જ ધર્મની શરૂઆત થાય છે. નિજ શુદ્ધ ધ્રુવ ચૈતન્યતત્ત્વ જ એકમાત્ર અંતઃતત્ત્વ છે, બાકી બીજું બધું—બહિર્લક્ષી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ, દયા–દાન ને વ્રત–તપ કે ભક્તિના પરિણામ, અરે ! શુદ્ધ ચૈતન્યતત્ત્વને અવલંબીને પ્રગટનારી એક સમયની સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય અને ગુણભેદ પણ—બહિસ્તત્ત્વ છે. બહિસ્તત્ત્વના અવલંબને સમ્યગ્દર્શન કે સાધના પ્રગટ થતી નથી, તેના અવલંબને તો પર્યાયદૃષ્ટિનું પોષણ થાય છે. નિયમસારમાં ૩૮મી ગાથામાં કહ્યું છે ને ? કે—

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ બાહ્ય
હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયથી–ઔપશમિક, ક્ષાયિક વગેરે ચાર ભાવોથી–વ્યતિરિ
નિજ ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક આત્મા આત્માને ગ્રાહ્ય છે—ઉપાદેય છે. ત્રિકાળી ધ્રુવ સ્વભાવ
અવલંબીને પ્રગટનારી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય પણ એક સમયનો બદલ
અંશ છે, ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ એ પણ બહિરતત્ત્વ છે, કેમ કે તેનો આશ્ર
લેવાથી મિથ્યાત્વ ને રાગ ઉત્પન્ન થાય છે. માટે વર્તમાન વર્તતી શુદ્ધ પર્યાયનું
લક્ષ છોડીને અંદર જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણ–રસકસથી ભરેલા એવા નિજ
અભેદ જ્ઞાયકને દૃષ્ટિગત બનાવવો, તેનો અનુભવ કરવો, તે જ સમ્યગ્દર્શનરૂપી પ્રાથમિ
ધર્મ છે. સમ્યગ્દર્શન વિના બધું ક્રિયાકાંડ કે શાસ્ત્રના ભણતર થોથા છે.

વિદેહક્ષેત્રમાં અત્યારે સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર ભગવાન બિરાજે છે. તેમની સ્તુતિ
આવે છે કે—હે પ્રભુ! આપ ત્રણ કાળ ને ત્રણ લોકના બધા પદાર્થોને એક સા
પ્રત્યક્ષ જેમ છે તેમ જાણી રહ્યા છો. આપે દરેક વસ્તુને નિજ સત્તાએ શુદ્ધ જોઈ
આપે અમારા આત્માને પણ નિજ સત્તાએ શુદ્ધ પરમબ્રહ્મ જોયો છે. ભગવાને આત્મા
જેવો શુદ્ધ પરિપૂર્ણ જોયો છે એવો અંતર્મુખ દૃષ્ટિના પુરુષાર્થથી લક્ષગત કરવો
અનુભવગત કરવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પોતે નિર્મળ પર્યાય છે, અનિત્ય
અનિત્ય પર્યાય આશ્રય કરે છે નિત્ય ધ્રુવસ્વભાવનો; અનિત્યના આશ્રયે કલ્યાણ થાય નહિ
ધ્રુવસ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય.

વ્યવહાર-રત્નત્રયને સાધન કહ્યું છે તે તો કથનમાત્ર છે, એ બહિર્લક્ષી ભાવ કાં
વસ્તુ નથી–શુદ્ધતા નથી. એવું તો અનંતવાર કર્યું છે.

નિયમસારમાં કહ્યું છે : ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વ સિવાય પુણ્ય–પાપ, સંવર–નિર્જર
વગેરે બધાં તત્ત્વ પર્યાય છે, નાશવાન છે, બહિસ્તત્ત્વ છે; અવિનાશી અન્તસ્તત્ત્વ તો
ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભગવાન છે. જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોનો મહાસાગર તે પ્રભુ
અન્તસ્તત્ત્વ છે. કાયમ ધ્રુવ રહેનાર છે માટે તે અન્તસ્તત્ત્વ છે; તેનું શ્રદ્ધાન, જ્ઞાન ને
ચારિત્ર—વ્રત–તપના શુભભાવ તે સાચું ચારિત્ર નથી કે જે આત્માશ્રિત નિર્મળ પર્યાય
છે તે પણ અન્તસ્તત્ત્વ નથી, બહિસ્તત્ત્વ છે, કેમ કે તે નવી ઊપજેલી, ઉત્પાદ વિનાશશીલ
પર્યાય છે, ધ્રુવ તત્ત્વ નથી.

અરેરે! આવું સ્વરૂપ જીવને સાંભળવા પણ મળે નહિ! તે કયારે સાંભળે ને
કયારે સમજે? જિંદગી ચાલી જાય છે. શરીર–વાણી–મન અને દેવ–શાસ્ત્ર–ગુરુ તથા
અંદરમાં થનારા દયા–વ્રત–ભક્તિના શુભ પરિણામ બહિસ્તત્ત્વ છે જ પરંતુ ત્રિકાળી
નિજ તત્ત્વનો આશ્રય કરીને પ્રગટ થતી એક સમયની શુદ્ધ પર્યાય પણ બહિસ્તત્ત્વ છે,
કેમ કે શુદ્ધ પર્યાય પણ ધ્રુવ તત્ત્વમાં પ્રવેશ પામતી નથી. અહા! વીતરાગ પરમેશ્વરનો
પંથ કોઈ અલૌકિક છે; આવી વાત બીજે કયાંય નથી.

શું થાય? સાધારણ પ્રાણીને તો આ વાત બેસે એવી નથી, આકરી લાગે એવી જીવ અનાદિથી રાગના સ્વાદને પોતાનો માને છે પણ રાગ તો બહિસ્તત્ત્વ છે. અહીં અધ્યાત્મવ્યવહાર અર્થાત્ સાધનારૂપ નિર્મળ દશાને પણ ત્રિકાળી શુદ્ધ ધ્રુવ આત્મતત્ત્વની અપેક્ષાએ બહિસ્તત્ત્વ કહ્યું છે. માત્ર એક ત્રિકાળી શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ જ આશ્રયતત્ત્વ છે. ચૈતન્યભગવાન જિનસ્વરૂપી છે.

વીતરાગ ત્રિકાળી ચૈતન્યબિંબ તે આત્મા; અને તેને અવલંબીને જે નિર્મળ પર્યાય થાય તેની હદ—મર્યાદા એક સમયની હોય. ત્રિકાળી ધ્રુવ નિર્મળ તત્ત્વની અપેક્ષાએ એક સમયના પરિણમનને બહિસ્તત્ત્વ કહ્યું છે અહા! આવી વાત છે ભાઈ! શું થાય? અદ્ધર જેવું લાગે એવી વાતો છે. આ વાતો તો મહાવિદેહમાં ભગવાન પરમાત્મા જે બિરાજે છે તેમની પાસેથી આવેલી છે. સમજાય છે કાંઈ?

પ્રભુ! અનંત પ્રભુતાથી ભરેલા ભગવાન આત્મામાં એક ઈશ્વરશક્તિ છે. અન્ય કોઈ 'કર્તા' ઈશ્વર નહિ, ચૈતન્ય આનંદમૂર્તિ પોતે જ ઈશ્વરસ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવાને આત્માનું જે સ્વરૂપ જોયું છે, તેને ભગવાન કુંદકુંદાચાર્યદેવ આડતિયા તરીકે જાહેર કરે છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવત ૪૯ માં થયા. તેમની વાણી અત્યારે મોજૂદ છે. અરે! ભગવાન કહે, સમ્યગ્દૃષ્ટિ કહે, પંચમ ગુણસ્થાનવર્તી જીવ કહે કે છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવ કહે—બધી એક જ વાત છે. વસ્તુતત્ત્વમાં ફેર હોય નહિ.

—૦—

( વૈરાગ્ય સમાચાર........પાનું ૩૦ થી ચાલુ )

* લખતરનિવાસી (હાલ અમદાવાદ) સ્વ. રતનબેન શીવલાલ મનજીભાઈ દોશી (વર્ષ–૮૩) તા. ૮–૯–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી રમણીકલાલ નથુભાઈ મહેતા (વર્ષ–૫૯) તા. ૧૯–૯–૮૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અંકલેશ્વરનિવાસી શ્રી શંકરલાલ કલ્યાણદાસ શાહ (વર્ષ–૭૩) તા. ૧૭–૯–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઝાંઝુડીનિવાસી (હાલ હિંમતનગર) શ્રી કેશવલાલ કોરડિયા તા. ૨૪–૯–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ પરમ કૃપાળુ પુજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં શીઘ્ર આત્મ-અનુભવ કરો એ જ ભાવના.

## વૈરાગ્ય સમાચાર :—

* સોનગઢનિવાસી ( મૂળ લાઠી ) શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈનું (વર્ષ–૬૫) દેહાવસાન સોનગઢમાં તા. ૩–૧૦–૮૬ના રોજ થયું છે. શ્રી મનસુખભાઈ સ્વભાવે શાંત, તત્ત્વજિજ્ઞાસુ અને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ભક્તિવંત હતા. તેઓએ ૨૩ વર્ષની ઉંમરથી સતત ૪૨ વર્ષ સુધી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવના સમાગમનો લાભ લીધો હતો; તેમણે ધાર્મિક શિક્ષણવર્ગોમાં તત્ત્વાભ્યાસ પણ કર્યો હતો. વર્ષો સુધી 'સદ્‌ગુરુ-પ્રવચનપ્રસાદ' અને 'સુવર્ણસંદેશ' માટે પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનોનાં મેટરના 'લિથો' માટે 'હસ્તલેખન'નું કામ કર્યું હતું, પંચકલ્યાણકો કે અન્ય ઉત્સવો પ્રસંગે કોઈ ને કોઈ પ્રકારે તેઓ સંસ્થાને તેમજ મુમુક્ષુમંડળને વિવિધ સેવા આપતા હતા;—આ બધાં કાર્યો કરતાં તેમના જીવનનું સૌથી વિશેષ સૌભાગ્ય એ હતું કે વર્ષો સુધી પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણી અમૃતવાણીને 'ટેઇપ'માં વ્યવસ્થિતપણે રેકોર્ડિંગ કરવાના મંગળ કાર્યનો અમૂલ્ય યોગ તેમને પ્રાપ્ત થયો હતો. પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી અને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પ્રત્યે તેમને અનન્ય ભક્તિભાવ હતો. સ્વર્ગસ્થ આત્મા, દેવ-ગુરુ-ધર્મ તેમ જ પૂજ્ય ગુરુદેવ અને ભગવતીમાતાના પવિત્ર સમાગમના પુનિત પ્રતાપે, પ્રાપ્ત કરેલા તાત્ત્વિક સંસ્કારોના બળે શીઘ્ર શાશ્વત સુખકર આત્મલાભ પામો— એ જ વૈરાગ્યભીની ભાવના.

* સોનગઢનિવાસી શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયાની પૌત્રી ( શ્રી ભરતભાઈની સુપુત્રી) પાયલનું (વર્ષ–૬) મુંબઈમાં, અકસ્માત ચોથે માળથી પડી જવાથી તા. ૧૩–૯–૮૬ ના રોજ દેહાવસાન થયું છે. પાયલ, નાની ઉંમર છતાં, ભગવાનનાં દર્શન-સ્તુતિની ભાવનાવાળી હતી. ઉનાળાની રજામાં સોનગઢ આવી ત્યારે પાઠશાળાનો અભ્યાસ, પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતાનાં દર્શન વગેરેનો લાભ હોંશપૂર્વક લેતી. સદ્‌ગત આત્મા વીતરાગ દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે શીઘ્ર ચિર શાંતિ પામો.

* લંડનનિવાસી શ્રી દેવશીભાઈ રાયશીભાઈ શાહ (વર્ષ–૫૫) તા. ૪–૫–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને ટૂંક સમયમાં જ નિવૃત્તિ લઈને સોનગઢ રહેવા આવવાની ઘણી ભાવના હતી.

* જયપુરનિવાસી શ્રી પુનમચંદજી ગોદીકાના ધર્મપત્ની શ્રીમતી કમલાદેવી (વર્ષ–૬૭) તા. ૨૬–૭–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી શ્રી અમુલખભાઈ લાલચંદભાઈ શેઠ (વર્ષ–૯૫ લગભગ) તા. ૧૩–૯–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે,

(અનુસંધાન પાનું ૨૯ ઉપર)

# સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરસ સભર ટેપ–પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્રવાંચન અને જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ભાવવાહી શૈલીમાં આધ્યાત્મિક ટેપ પ્રવચન—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય યથાવત સાધારણ ઠીક છે. તેમના પાવન દર્શન અને તેઓની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુસમાજને તેમ જ મહેમાનોને યથાસમય મળતો રહે છે.

* પર્વાધિરાજ પાવનપર્વ–પર્યુષણપર્વ તથા ક્ષમાપનાપર્વ વિશેષ આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો. આ મંગલપર્વની સાનંદ પૂર્ણાહૂતિના ઉપલક્ષમાં પૂર્ણિમાના દિવસે શ્રી જિનેન્દ્ર ભગવાનની ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી.

* ક્ષમાપનાપર્વના દિવસે અમદાવાદ, રાજકોટ, ભાવનગર વિગેરે અનેક સ્થળેથી લગભગ ૬૦૦ મુમુક્ષુઓ ક્ષમાપના નિમિત્તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દર્શનાર્થે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સોનગઢ આવ્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય વિશાળ ચિત્રપટ સમક્ષ ગુરુ-ક્ષમાપના વિધિ અને પૂજ્ય બહેનશ્રીના દર્શન–ક્ષમાપનાનો લાભ ભવ્ય અને આનંદદાયક રહ્યો હતો.

* આસો વદ ૧૧, બુધવાર, તા. ૨૯–૧૦–૮૬ થી આસો વદ ०)) રવિવાર તા. ૨–૧૧–૮૬ સુધી શ્રી પંચકલ્યાણક પૂજા-વિધાન પૂર્વક શ્રી મહાવીરસ્વામી નિર્વાણ કલ્યાણક ઉજવવામાં આવશે.

* પર્યુષણ પર્વ તેમ જ ક્ષમાપના પ્રસંગે પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીના ચરણોમાં તથા 'હાર'રૂપે કુલ રૂ. ૧૫,૦૦૦=૦૦ આવ્યા હતા જે શ્રી નંદીશ્વર જિનાલય ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સમાધિ દિન પ્રસંગે
સોનગઢમાં પાંચ દિવસનો

# 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ તા. ૨૦-૧૧-૮૬ થી ૨૪-૧૧-૮૬ ]

આપણા પરમ તારણહાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિનો છઠ્ઠો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૩, કારતક વદ ૭, સોમવાર, તા. ૨૪-૧૧-૮૬ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૦-૧૧-૮૬ ગુરુવાર થી તા. ૨૪-૧૧-૮૬, સોમવાર-એમ પાંચ દિવસ સુધી ‘ ધાર્મિક કાર્યક્રમ ’—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન અને સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાનવૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો તથા પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે. *

Licence No. 3 ‘ Licensed to post without prepayment ’

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ

To,

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012